સુવિચાર

''સમયની સાથે ચાલવું એટલું જરૂરી નથી પણ સત્યની સાથે ચાલવું ખૂબ જ જરૂરી છે, જો તમે સત્યની સાથે રહેશો તો એક દિવસ સમય તમારી સાથે જ ચાલશે...''

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 229, Dt.07-07-2023 (Friday)

Email ; saurashtrakranti@gmail.com

FOLLOW US!

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 10 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

ન્યૂઝ ફ્લેશ

ચંદ્રયાન-૩ રોકેટ લોન્ચર પર ગોઠવાયુ : કાઉન્ટ ડાઉન શરૂ

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના બહુપ્રતિક્ષિત મિશન ચંદ્રયાન-૩નું પ્રક્ષેપણ અંગેની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. ચંદ્રયાન-૩નું લેન્ડર અને રોવર રોકેટ LVM-3 સાથે તા.૧૩ જુલાઇએ ચંદ્ર પર ઉતરવા માટે તૈયાર છે. ચંદ્રયાન-૩ લેન્ડરને આજે ISRO શ્રીહરિકોટા સ્પેસ સેન્ટર ખાતે ભારે પ્રક્ષેપણ રોકેટ પર એસેમ્બલ કરવામાં આવ્યું હતું. ચંદ્રયાન-૨ મિશન છેલ્લા તબક્કામાં નિષ્ફળ ગયું હતું. તેનું લેન્ડર ધરતીની સપાટી પર આંચકા સાથે અથડાયું, ત્યારબાદ તેનો પૃથ્વીના કંટ્રોલ રૂમ સાથેનો સંપર્ક તૂટી ગયો હતો. ચંદ્રયાન-૩ એ જ અધૂરા મિશનને પૂર્ણ કરવા માટે મોકલવામાં આવી રહ્યું છે. આમ, ચંદ્રની સપાટી પર ઉતર્યા પછી, રોવર તેમાંથી બહાર આવશે અને સપાટીની આસપાસ ફરશે. ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા વિક્રમ સારાભાઈના નામ પરથી લેન્ડરનું નામ વિક્રમ રાખવામાં આવશે અને રોવરનું નામ પ્રજ્ઞાન રાખવામાં આવશે. ચંદ્રયાન-૨ના લેન્ડર અને રોવરને આ જ નામ આપવામાં આવ્યા હતા. ઇસરોના અધિકારીઓના જણાવ્યા અનુસાર, ચંદ્રયાન-૨ મિશન નિષ્ફળ થયા બાદ હવે પછીનો પ્રોજેક્ટ ચંદ્રયાન-૩ છે, જે ચંદ્રની સપાટી પર ઉતરશે અને પરીક્ષણો હાથ ધરશે. તે ચંદ્રયાન-૨ જેવું જ દેખાશે, પરંતુ ચંદ્રયાન-૩નું ધ્યાન ચંદ્રની સપાટી પર સુરક્ષિત ઉતરાણ કરવા પર છે. મિશનની સફળતા માટે નવા સાધનો બનાવવામાં આવ્યા છે,

ગુજરાત સહિત ૧૨ રાજ્યોમાં પાંચ દિવસ સુધી ભારે વરસાદનું એલર્ટ

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૭ તાલુકામાં વરસાદ, જૂનાગઢના ભેંસાણમાં મેઘરાજાનું રોદ્ર સ્વરૂપઃ અમદાવાદના ધોળકામાં વહેલી સવારથી જ અનરાધાર વરસાદ

ગાંધીનગર.તા.૭

હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઓડિશા સહિત ૧૨ રાજ્યોમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન ગઈકાલે દેશના વિવિધ રાજ્યોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા હતા. હિમાચલ પ્રદેશના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદને પગલે નદીઓ અને નાળાઓમાં પાણી ભરાય ગયા હતા જ્યારે યુપી અને મધ્ય પ્રદેશમાં વીજળી પડવાની અલગ-અલગ ઘટનાઓમાં નવ લોકોના મોત થયા છે. હવામાન વિભાગની આગાહી મુજબ દેશના મોટાભાગના પૂર્વ અને ઉત્તરપૂર્વીય વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી ભારેથી અતિ ભારે વરસાદ પડશે. જેમાં બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, ઓડિશા અને બિહારનો સમાવેશ થાય છે. ગુજરાત, ઉત્તરાખંડ અને રાજસ્થાનના પશ્ચિમ અને ઉત્તર પશ્ચિમ રાજ્યોના કેટલાક વિસ્તારોમાં પાંચ દિવસ માટે ભારે વરસાદની ચેતવણી પણ આપવામાં આવી છે.

હિમાચલમાં યલો એલર્ટ વચ્ચે ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો જેમા ધરમપુર-ગડખેલ-કસૌલી રોડ ભારે વરસાદને કારણે તૂટી ગયો છે. આ સાથે ભુસ્ખલન થતા કાલકા-શિમલા ગઈ હાઈવ પણ બંધ થઈ ગયો હતો. ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં નદી-નાળાઓ છલકાઈ ગયા છે.

બીજી તરફ ભારે વરસાદ વચ્ચે ગઈકાલે મધ્ય પ્રદેશના પન્ના અને ટીકમગઢ જિલ્લામાં વીજળી પડવાથી પાંચ લોકોના મોત થયા છે જ્યારે યુપીના બંધાઉનમાં વીજળી પડવાથી ચાર લોકોના મોત થયા છે.

રાજ્યમાં ચોમાસાનો બીજા રાઉન્ડમાં અનેક જિલ્લાઓમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમા જૂનાગઢના ભેંસાણમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ગઈકાલે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો તેમજ આજે વહેલી સવારે અમદાવાદ જિલ્લાના ધોળકામાં પણ મુશળધાર વરસાદ વરસ્યો હતો જેના પગલે અનેક જગ્યાએ ગોઠણ સમા પાણી ભરાઈ ગયા હતા.રાજ્યમાં બે ત્રણ દિવસથી અનેક જગ્યાએ ભારે વરસાદ વરસી રહ્યો છે ત્યારે સૌરાષ્ટ્રમાં મેઘરાજાએ તાંડવ કરતા રૌદ્ર સ્વરુપ જોવા મળ્યુ હતું જેમા જૂનાગઢના ભેંસાણમાં સાબેલાધારે ૪ ઈંચ વરસાદ ખાબકતા અનેક જગ્યાએ પાણી ભરાય ગયા હતા. ભેંસાણની સાથે રાણપુર, પસવાડા, ખારચીયામાં પણ વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદને પગલે અનેક ગામો બેટમાં ફેરવાયા હતાં. આ ઉપરાંત ધોરાજી પંથકમાં જમનાવડ, ફરેણી, સુપડીમાં વરસાદી માહોલ જામ્યો છે. તેમજ ઝાંઝમેર સહિતનાં વિસ્તારમાં પણ વરસાદ શરૂ થતા લોકોએ ઠંડકથી રાહત થઈ હતી. ગુજરાતમાં હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી પાંચ દિવસ હજુ પણ ભારે વરસાદ વરસી શકે છે. આ સાથે સૌરાષ્ટ્ર-કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં સર્ક્યુલેશનના કારણે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન અમદાવાદ સહિત ભરૂચ, સુરત, વલસાડ, દમણ, દાદરાનગર હવેલી, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ, દીવમાં તેમજ બનાસકાંઠા, પાટણ, ડાંગ, નવસારી, તાપી બોટાદ, પોરબંદર અને રાજકોટ અને કચ્છમાં ભારે વરસાદની આગાહી કરી છે.

હિમાચલમાં યલો એલર્ટ જાહેર

હિમાચલમાં યલો એલર્ટ વચ્ચે ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો જેમા ધરમપુર-ગડખેલ-કસૌલી રોડ ભારે વરસાદને કારણે તૂટી ગયો છે. આ સાથે ભુસ્ખલન થતા કાલકા-શિમલા NH હાઇવ પણ બંધ થઈ ગયો હતો. ભારે વરસાદને કારણે રાજ્યના અનેક જિલ્લાઓમાં નદી-નાળાઓ છલકાઈ ગયા છે. બીજી તરફ ભારે વરસાદ વચ્ચે ગઈકાલે મધ્ય પ્રદેશના પન્ના અને ટીકમગઢ જિલ્લામાં વીજળી પડવાથી પાંચ લોકોના મોત થયા છે જ્યારે યુપીના બંધાઉનમાં વીજળી પડવાથી ચાર લોકોના મોત થયા છે.

રાજ્યમાં મેઘમહેર યથાવત

રાજ્યમાં મેઘમહેર ચાલુ છે અને હવામાન વિભાગની આગાહી મુજબ અનેક વિસ્તારોમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. રાજ્યમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૭ તાલુકામાં વરસાદ નોંધાયો હતો જેમા જૂનાગઢના ભેંસાણમાં સૌથી વધુ ૪ ઇંચ વરસાદ ખાબક્યો હતો. આ સિવાય સુરતના ચોર્યાસીમાં પણ ત્રણ ઇંચ કરતા વધારે વરસાદ વરસ્યો હતો તેમજ પાટણ, પોરબંદર, મહેસાણામાં પણ અનરાધાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં મોટા ભાગમાં ભારે વરસાદને પગલે અનેક તાલુકામાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી.

રાજ્યના ૨૩ જળાશયો હાઈએલર્ટ પર

રાજ્યમાં ચોમાસાની સિસ્ટમ ફરીએકવાર સક્રિય થતા રાજ્યભરમાં અતિથી અતિભારે વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. ભારે વરસાદને પગલે આગામી પાંચ દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપી દેવામાં આવી છે. આ ઉપરાંત ભારે વરસાદને પગલે અનેક જળાશયોમાં નવા નીર આવ્યા છે તેમજ અનેક ડેમોના દરવાજા ખોલાવામાં આવ્યા છે જેના પગલે અનેક ગામોને નદીના પટમાં અવર જવર ન કરવા સૂચના અપાઈ છે. હવામાન વિભાગ જણાવ્યા અનુસાર રાજ્યના ૨૦૬ જળાશયોમાંથી ૨૩ હાઇએલર્ટ પર છે. જ્યારે ૧૫ એલર્ટ પર અને ૧૦ ભયજનક સ્તર પર છે.

રાજ્યના ચારેય ઝોનમાં વરસાદ વરસ્યો

રાજ્યભરમાં સાર્વત્રિક મેઘમહેર થઈ રહી છે ત્યારે અત્યાર સુધીમાં રાજ્યનો કુલ ૩૪. ૫૦ ટકા વરસાદ થયો છે. જેમા ઝોન પ્રમાણે વાત કરીએ તો કચ્છમાં ૮૭ ટકાથી વધુ જ્યારે સૌરાષ્ટ્રમાં ૫૦ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતમાં ૩૧ ટકાથી વધુ તેમજ દક્ષિણ ગુજરાતમાં ૨૭ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત પૂર્વ મધ્યમાં ૨૪ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે.

સજા ૨દ કરવાનો કોઇ આધાર નથીઃ હાઇકોર્ટ

રાહુલને ગુજરાત હાઈકોર્ટનો આંચકોઃ સજા યથાવત રખાઇ

કોંગ્રેસના નેતાને હવે હાઇકોર્ટની ડિવિઝન બેંચ કે સુપ્રીમમાં જવાનો વિકલ્પ

અમદાવાદ તા.૭ :

મોદી સરનેમ માનહાની કેસમાં આજે ગુજરાત હાઇકોર્ટે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને થયેલી બે વર્ષની સજા સામે સ્ટે આપવાનો ઈન્કાર કર્યો હતો. રાહુલને એક મોટો આંચકો આપતા હાઈકોર્ટે તેને ૧૫૦ પાનાના ચૂકાદામાં અલ્લાહાબાદ હાઈકોર્ટ સહિતના અનેક ચુકાદાઓ ટાંકયા હતા અને રાહુલ ગાંધી સામે જે ફોજદારી બદનક્ષીની ફરિયાદ થઈ છે તેમાં સુરતની ટ્રાયલકોર્ટે આપેલા ચૂકાદાને યથાવત રાખતા હવે કોંગ્રેસના વરિષ્ઠ નેતાને હાઈકોર્ટની બે ન્યાયમૂર્તિઓની ખંડપીઠ અથવા તો સુપ્રીમ કોર્ટ પાસે જવા સિવાય કોઈ વિકલ્પ નથી.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીએ કર્ણાટકમાં એક જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને નિશાન બનાવીને 'શા માટે બધા મોદી ચોર' તેવા વિધાનો કર્યા હતા અને તેમાં તેણે નિરવ મોદી, લલિત મોદી સહિતનાને સાંકળી લીધા હતા જેની સામે સુરતના ધારાસભ્ય પુર્ણેશ મોદીએ રાહુલ ગાંધીના વિધાનથી મોદી સમાજનું અપમાન થયું છે તેવું જણાવીને જે બદનક્ષીનો દાવો દાખલ કર્યો હતો તેમાં રાહુલ ગાંધીને બે વર્ષની જેલ સજા કરવામાં આવી હતી જેની સામે સેશન્સ કોર્ટમાં કરેલી અરજી પણ ફગાવાઈ હતી

જયારે આજે ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ હેમંત પ્રચ્છક એ પોતાના ૧૫૦ પાનાના ચુકાદામાં રાહુલ ગાંધીને સજા યોગ્ય અને કાનુની રીતે થઈ હોવાનું જણાવીને રાહુલ ગાંધીની અરજી ફગાવતા તેમની મુશ્કેલી વધી છે અને હવે તેઓ ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ જાય છે કે સુપ્રીમ કોર્ટમાં જવાનું પસંદ કરે છે તેના પર સૌની નજર છે. રાહુલ ગાંધી તરફથી ગુજરાત કોંગ્રેસના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ એડવોકેટ તરીકે હાજર હતા જયારે પુર્ણેશ મોદી તરફથી ગુજરાતના જાણીતા ધારાશાસ્ત્રી નિરૂપમ નાણાવટી પણ પહોંચ્યા હતા.સુરત કોર્ટે ૨૦૧૯માં મોદી અટક અંગે રાહુલ ગાંધીની ટિપ્પણીના કેસમાં ૨૩ માર્ચે ચુકાદો આપ્યો હતો. કોર્ટે તેને કલમ ૫૦૪ હેઠળ બે વર્ષની જેલની સજા ફટકારી છે. જો કે કોર્ટે નિર્ણયને અમલમાં મૂકવા માટે થોડા દિવસનો સમય પણ આપ્યો હતો. આ સાથે તેમને તાત્કાલિક જામીન પણ આપવામાં આવ્યા હતા. સુરતની કોર્ટે મોદી અટક સંબંધિત ટિપ્પણીને લગતા માનહાનિના કેસમાં તેમની સજા પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો હતો.

ખરાબ હવામાનના કારણે અમરનાથ યાત્રા અટકાવાઈ

અત્યાર સુધીમાં ૮૪ હજાર ભક્તોએ દર્શન કર્યા

(એજન્સી સમાચાર) ગાંધીનગર

જમ્મુ અને કાશ્મીરમાં ખરાબ હવામાનને કારણે અમરનાથ યાત્રાને આગામી આદેશ સુધી રોકી દેવામાં આવી છે. બેઝ કેમ્પ બાલતાલ અને પહેલગામ બંને રૂટ પર મુસાફરોને આગળ જતા અટકાવવામાં આવ્યા છે. યાત્રાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૮૪ હજારથી વધુ ભક્તોએ દર્શનનો લાભ લીધો છે.

અમરનાથ યાત્રા માટે દેશ-વિદેશથી હજારો શ્રદ્ધાળુઓ જમ્મુ કાશ્મીર પહોંચ્યા છે ત્યારે અમરનાથ યાત્રાનો વધુ એક સમૂહ બાબા બર્ફાનીના દર્શન કરવા માટે રવાના થયો હતો જો કે આ સમૂહને ખરાબ હવામાનને પગલે વચ્ચે જ રોકી દેવામાં આવ્યો હતો. આ દરમિયાન ગઈકાલે ૧૭૨૦૨ શ્રદ્ધાળુઓએ બાબા બર્ફાનીના દર્શન કર્યા હતા જ્યારે યાત્રાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૮૪૭૬૮ ભક્તોએ બાબા બર્ફાનીના દર્શનનો લાભ લીધો હતો. યાત્રા શરૂ થયા બાદ આગામી બે-ત્રણ દિવસમાં દર્શન કરવા આવનાર શ્રદ્ધાળુઓની સંખ્યા એક લાખને પાર થઈ શકે છે. હાલ ખરાબ હવામાનને કારણે કોઈ પણ યાત્રાળુને પવિત્ર ગુફા તરફ જવાની મંજૂરી આપવામાં આવી નથી.

અમરનાથ શ્રાઈન બોર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર હવામાન સાફ થયા બાદ જ યાત્રાળુઓને આગળની યાત્રા કરવાની મંજૂરી આપવામાં આવશે. યાત્રાળુઓને હાલમાં રામબનના ચંદ્રકોટ ખાતે રોકવામાં આવ્યા છે. અહીં ભક્તો માટે નાસ્તા વગેરેની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. હવામાન અનુકૂળ થયા બાદ યાત્રાળુઓને ગુફા તરફ મોકલવામાં આવશે.

ફાઈબ્રોસીસ થવાનું કારણ સંશોધનના પરિણામ બાદ બહાર આવશે

કોરોના સંક્રમણ દરમ્યાન કેટલાંક દર્દીઓના ફેફસા કેમ થયા કઠોરઃ એઈમ્સ સંશોધન કરશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી,તા.૭

કોરોના મહામારી દરમ્યાન ગંભીર રીતે બીમાર થયેલા દર્દીઓનાં ફેફસાનાં ટીસ્યુઓ કઠોર થઈ ગયા છે. લાંબી સારવાર પછી દર્દી તો ઠીક થઈ ગયેલા પણ ફેફસાનાં કઠોર થયેલા ટીસ્યુઓ ફરી કોમળ ન બની શકયા, આ અસરગ્રસ્ત દર્દીઓને હજી પણ શ્વાસ લેવામાં તકલીફ પડે છે. આવા દર્દીઓનાં ફેફસામાં ફાઈબ્રોસીસ બની ગયા છે. આનુ કારણ હવે બહાર આવી શકે છે.

એમ્સે આ માટે મોટા સ્તરે પોતાની રીતે પહેલી સ્ટડી શરૂ કરી દીધી છે. આ અભ્યાસમાં કોરોના મહામારી દરમ્યાન સંક્રમીત થયેલા ૪૦ થી ૭૦ વર્ષનાં અસરગ્રસ્ત દર્દીઓને સામેલ કરવામાં આવશે.આ અધ્યયનથી ખબર પડશે કે ફેફસાનાં ટિસ્યુમાં આવેલી કઠોરતા માટે કયુ કારણ જવાબદાર છે.

વિશેષજ્ઞો જણાવે છે કે, જે દર્દીઓનાં ફેફસામાં ફાઈબ્રોસીસ બની ગયા છે તેને ફરીથી સામાન્ય કરવા સંભવ નથી. આ પરિસ્થિતિમાં અધ્યયનથી ખબર પડશે કે દર્દીઓમાં ફાઈબ્રોસીસ બનવા માટે કયૂ મોલિકયુલર જવાબદાર છે.જયારે કોરોનાથી સંક્રમિત થયા બાદ જે દર્દીઓનાં ફેફસા પુરી રીતે ઠીક રહ્યા તેમાંથી ફાઈબ્રોસીસથી બચવા માટે કયુ મોલિકયુલર કામ કરી રહ્યું હતું.

શું હોય છે ફાઇબ્રોસીસ

ફાઇબ્રોસીસ ફેફસાની એક બિમારી છે. જે ટિસ્યુને નુકશાન પહોંચાડે છે. કોરોનાથી સંક્રમિત થઇને દર્દીઓમાં ફેફસાનાં ટિસ્યુ કઠોર થવા લાગ્યા હતા જેથી દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. શરીરમાં ઓકસીજનની કમીથી હૃદય અને શ્વસન સંબંધ સમસ્યાઓ પેદા થઈ હતી. સામાન્ય ફેફસાનાં ટિસ્યુ કોમળ હોય છે. જેથી શ્વાસ લેવામાં-છોડવામાં સરળતા રહે છે. એમ્સનાં ફિઝીયોલોજી વિભાગે પોતાના અધ્યયન ભારે દર્દીઓનું બે ગ્રુપ બનાવશે તેમાં એક ગ્રુપનાં ગંભીર દર્દીઓ હશે. જેમનાં ફેફસામાં ફાઇબ્રોસીસ મળ્યા છે. જયારે બીજા ગ્રુપમાં એવા દર્દીઓ હશે જેમનાં ફેફસામાં ફાઇબ્રોસીસ નહી થયા હોય કે ટિસ્યુને વધુ નુકશાન નહિં થયુ હોય.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દોઢ વર્ષમાં ૧૨૪ ટી.પી. સ્કીમ મંજૂર

છ સ્માર્ટ સીટીમાં ૮૦૦૦ કરોડથી વધુના ૨૮૧ વિકાસ કાર્યો પૂર્ણઃ આજથી ગાંધીનગરમાં યુ-૨૦ સમિટ પૂર્વે શહેરી આયોજનનો નવો ચિતાર

ગાંધીનગર, તા.૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતને ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી જી૨૦ દેશોની એક વર્ષની અધ્યક્ષતા પ્રાપ્ત થઈ છે. આ એક વર્ષની અધ્યક્ષતા દરમિયાન, આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવા માટે સમગ્ર ભારતમાં મીટિંગોનું આયોજન થઈ રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય મુદ્દાઓમાં એક મહત્વપૂર્ણ મુદ્દો છે, શહેરીકરણ અને શહેરી સુવિધાઓને વિકસિત કરવી. આ માટે જી૨૦ના સભ્ય દેશોના શહેરોના એક સંગઠન અર્બન ટ્વેન્ટી એટલે કે યુ૨૦ ની રચના કરવામાં આવી છે.

આ વર્ષે ભારતની અધ્યક્ષતામાં છઠ્ઠી યુ૨૦ સમિટ યોજાઈ રહી છે અને ગુજરાત માટે ગૌરવની વાત છે કે છઠ્ઠી યુ૨૦ની યજમાની કરવાની તક વિશ્વના પ્રથમ હેરિટેજ સિટી અમદાવાદને મળી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આજે ૭ થી ૮ જૂલાઈ, ૨૦૨૩ દરમિયાન ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાઈ રહી છે, જેમાં વિવિધ દેશોના મેયર અને મહાનુભાવો ઉપસ્થિત રહેશે. U20 મેયોરલ સમિટમાં મુખ્યત્વે શહેરી સુશાસન માટેના માળખાની પુનઃશોધ અને ડિજિટલ શહેરી ભવિષ્યને ઉત્પ્રેરિત કરવા, પર્યાવરણની જાળવણી માટે જવાબદારીપૂર્વકની વર્તણૂંકોને પ્રાત્સાહિત કરવી અને જળ સુરક્ષા સુનિશ્ચિત કરવી, ક્લાઇમેટ ફાઇનાન્સને વેગ આપવો, સ્થાનિક સંસ્કૃતિ અને અર્થવ્યવસ્થામાં ચેમ્પિયન થવું, વગેરે જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. આ તમામ શહેરોના ભવિષ્યવાદી વિકાસ પર આધારિત છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં છેલ્લા દોઢ વર્ષના ગાળામાં ૧૨૪ જેટલી ટાઉન પ્લાનિંગ સ્કીમોને મંજૂરી આપવામાં આવી છે, જે રાજ્યમાં શહેરીકરણની પ્રક્રિયાને વેગ આપે છે.

ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ 'સ્માર્ટ સિટી મિશન' અંતર્ગત ગુજરાતના ૬ શહેરો, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર અને દાહોદની પસંદગી કરવામાં આવી હતી. આ મિશન અંતર્ગત પસંદ કરાયેલા છ શહેરોમાં રૂ.૮૯૬૩ કરોડના ખર્ચે કુલ ૨૮૧ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. આ મિશન અંતર્ગત સમગ્ર દેશમાં સુરત શહેર પ્રથમ ક્રમાંકે અને અમદાવાદ શહેર ત્રીજા ક્રમાંકે છે. ગુજરાત રાજ્ય આ મિશન અંતર્ગત પાંચમાં ક્રમાંકે છે.

તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં એક મજબૂત રેલવે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે ગુજરાતમાં મેટ્રો ટ્રેન દોડે તેવું સ્વપન જોયું હતું અને અમદાવાદ તેમજ સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટ્સની શરૂઆત કરી હતી. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર હેઠળ આ સ્વપન હકીકતમાં પલટાયું છે. તાજેતરમાં અમદાવાદ મેટ્રોના પ્રથમ તબક્કા અંતર્ગત થલતેજથી વસ્ત્રાલ રૂટ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રો ટ્રેનનો પ્રારંભ કરાવ્યો છે. સુરત મેટ્રોનું કામ પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ ઉપરાંત, ગાંધીનગર રેલવે સ્ટેશનથી નવી વંદે ભારત ટ્રેનનો પણ પ્રારંભ કરાવ્યો છે, જે ગાંધીનગરથી મુંબઈ ખાતે દોડી રહી છે. દેશની આ પહેલી એવી વંદે ભારત ટ્રેન છે, જે 'કવચ' ટેકનીકથી સજ્જ છે અને દેશમાં જ વિકસિત થયેલી છે.

રાજ્ય સરકારે એરપોર્ટ્સ અને રેલવે સ્ટેશનનો પણ અત્યાધુનિક વિકાસ કર્યો છે. ભારત સરકારની રિજિયોનલ કનેક્ટિવિટી સ્કીમ 'ઉડાન' યોજના હેઠળ રાજ્યના ૯ એરપોર્ટ્સ પર ૧૮ રૂટ દ્વારા હવાઈ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટ ખાતે અદ્યતન સુવિધાઓ ધરાવતું ગ્રીનફિલ્ડ એરપોર્ટ વિકસિત કરવામાં આવી રહ્યું છે, જેના માટે ૯૨૪ હેક્ટરની જમીન સરકાર દ્વારા વિનામૂલ્યે ફાળવવામાં આવી છે.

ગર્ભ પરીક્ષણ કરનાર સામે આકરા પગલા ભરવાની ડીડીઓ ચૌધરીની ચેતવણી

આરોગ્યશાખાના ૨૮ તબીબો દ્વારા ૧૩૬ ક્લીનીકની સરપ્રાઇઝ વિઝીટ : પી.સી.પી.એન.ડી.ટી એક્ટ અન્વયે ત્રણ કલીનીકને નોટીસ ઈસ્યુ કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય) રાજકોટ તા. ૭

રાજકોટ જિલ્લામાં નોંધાયેલી ૩૪૪ કલીકનીક પૈકી પી.સી.પી.એન.ડી.ટી એક્ટ અન્વયે ૧૩૬ ક્લીનીકની સરપ્રાઇઝ વીઝીટ રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાની ૨૮ ટીમ દ્વારા કરવામાં આવી હતી. જેમાં પી.સી.પી.એન.ડી.ટી એક્ટ અન્વયે ચેકલીસ્ટમાં ત્રણ નોંધાયેલ ક્લીનીકમાં એફ ફોર્મ ભરવામાં તથા રજીસ્ટર મેઇન્ટેન કરવા જેવી ક્ષતિ જોવા મળતાં આ ક્ષતિ ૪૮ કલાકમાં સુધારવાની નોટીસ જિલ્લા આરોગ્ય શાખા દ્વારા આપવામાં આવી છે. જો આપેલ મર્યાદામાં આ ક્ષતિ દૂર નહી થાય તો નિયમાનુસાર કડક પગલા લેવામાં આવશે તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરીએ જણાવ્યું હતું.

આ તપાસ જિલ્લા પંચાયત આરોગ્ય શાખાના ૧૫ તથા રાજકોટ મહાનગર પાલિકા આરોગ્ય શાખાના ૧૩ એમ કુલ ૨૮ તબીબી અધિકારીઓ દ્વારા નોંધાયેલ પી.સી.પી.એન.ડી.ટી એક્ટ અન્વયે સોનોગ્રાફી કલીનીક અને હોસ્પીટલોની ઓચિંતી મુલાકાત લેવામાં આવી હતી.

જિલ્લામાં પી.સી.પી.એન.ડી.ટી એક્ટ અન્વયે જાતિ પરિક્ષણ અને ભ્રૃણ હત્યા રોકવા માટે સલાહકાર સમિતિની ટીમના માર્ગદર્શન હેઠળ આરોગ્ય શાખાની ટીમ કાર્યરત છે. જેનાથી દીકરા- દીકરીનો સેકસ રેશિયો મેન્ટેન રહી શકશે. ગર્ભમાં બાળકની જાતિ પરિક્ષણ ન કરાવવા, આવુ કરનાર દવાખાના કે ડોકટરની જાણ આરોગ્ય શાખાને કરવા પણ લોકોને અપીલ જિલ્લા વિકાસ અધિકારીએ કરી છે. કોઇ ક્ષતિ કે ગેરકાયદેસર પ્રવૃત્તી ઝડપી પાડવાના ઉદેશ સાથે ઉપરાંત રાજકોટ શહેર અને જિલ્લામાં ''બેટી બચાવો, બેટી પઢાવો''નાં સૂત્રને સાર્થક કરવા તેમજ ૧૦૦૦ પુરુષ વસ્તીએ સ્ત્રીઓનો દર ઉંચી લાવવાના ઉમદા અને માનવીય હેતુસર કાર્યવાહી કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં સી.એસ.આર મુજબ ગુજરાતનો સેકસ રેસીયો ૯૧૯ છે, અને રાજકોટનો સેકસ રેસીયો ૯૦૫ છે. આ સેકસ રેસીયોમાં વધારો કરવા અને જાતિય પરિક્ષણની પ્રવૃતી ડામવા આ ઉમદા સ્થળ તપાસણી કાર્યક્રમ કરાયો છે.

રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના આંગણવાડી કાર્યકરો માટે મિલેટ્સ વાનગી સ્પર્ધાનું આયોજન

ટેક હોમ રાશન અને પરંપરાગત ધાન્યના ઉપયોગ માટે જાગૃતિ કેળવવાનો સ્પર્ધાનો હેતુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ, તા.૭ ભારતની પરંપરાગત ખેતપેદાશો (શ્રી અન્ન)ની ખેતી અને તેના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની હિમાયતના પગલે સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે. આ બાબતને ધ્યાને લઇ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની સૂચના અનવ્યે સમગ્ર રાજ્યમાં મિલેટ્સમાંથી બનતી વાનગી અંગે જુદા-જુદા સ્તર પર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યમાં સંકલિત બાળ વિકાસ યોજના કચેરીના તમામ લાભાર્થીઓ તથા છેવાડાના લોકો સુધી મિલેટ્સ તથા તેમાંથી બનતી પોષણયુક્ત વાનગીઓ તેમજ આંગણવાડી કેન્દ્ર મારફત આપતા ટેક હોમ રાશન અને પરંપરાગત ધાન્યના ઉપયોગ માટે લાભાર્થીઓમાં જાગૃતતા કેળવાય, તે હેતુસર આંગણવાડી કાર્યકરો માટે વાનગી સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધાના તમામ વિજેતાઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાનગી સ્પર્ધા સેજાકક્ષાએ તા. ૦૧થી ૦૮ જુલાઈ સુધી, ઘટકકક્ષાએ તા. ૧૦થી ૧૫ સુધી તથા જિલ્લાકક્ષાએ તા. ૧૭થી ૨૨ સુધી સ્પર્ધા યોજવામાં આવશે. ત્યારબાદ જિલ્લાકક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમાંક પ્રાપ્ત કરેલા વિજેતાઓ ઝોનકક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવા જશે. આથી, રાજકોટ જિલ્લા પંચાયતની સંકલિત બાળ વિકાસ યોજના કચેરીના પ્રોગ્રામ ઓફિસર સાવિત્રીબેન નાથજીએ કાર્યકરોને સ્પર્ધામાં ભાગ લેવા તથા લાભાર્થીઓને સ્પર્ધા નિહાળવા અને પરંપરાગત ધાન્યનો ઉપયોગ રોજિંદા આહારમાં કરવા અનુરોધ કર્યો છે.

રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલનો પ્રવાસ કાર્યક્રમ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય) રાજકોટ, તા.૭

ગુજરાત રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી તથા રાજકોટ જિલ્લાના પ્રભારી મંત્રી રાઘવજી ભાઈ પટેલ રાજકોટ જિલ્લાના પ્રવાસે આવનાર છે. તા. ૦૭ જુલાઈના રોજ બપોરે ૦૨-૩૦ કલાકથી સાંજે ૦૫ કલાક સુધી જિલ્લા કલેકટર કચેરીના કોન્ફરન્સ રૂમ ખાતે વિવિધ વિભાગના પ્રશ્નો સંદર્ભે સમીક્ષા બેઠક યોજાશે. તેમજ સાંજે ૦૫-૩૦ કલાકથી સાંજે ૦૭-૦૦ કલાક સુધી જિલ્લા પંચાયતના સંલગ્ન ખાતાઓની કામગીરી અન્વયે સમીક્ષા બેઠક યોજાનાર છે. ત્યાર-બાદ મંત્રીશ્રી અનુકુળતાએ ધ્રોલ જવા રવાના થશે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને નારી સંરક્ષણ ગૃહ રાજકોટ વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૭ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને નારી સંરક્ષણ ગૃહ રાજકોટ વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવે દ્વારા સદર યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની વિગત પૂરી પાડવામાં આવી હતી. જેની કલેકટર દ્વારા સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ આશ્રિત બહેનોના સર્વાંગી વિકાસ થાય તેવી કામગીરી

હાથ ધરવા માટે ઉપસ્થિત અધિકારીઓને કામગીરી કરવા જણાવ્યું હતું.

આ તકે કલેકટરએ નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી. આશ્રિત બહેનો સાથે સીધો સંવાદ કરીને તેમને સાંભળ્યા હતા. તેમજ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો પૂરા પડ્યા હતા. આ બેઠકમાં સિવિલ હોસ્પિટલ, સમાજ સુરક્ષા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ વિભાગ અને રોજગાર વિભાગ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

દ્રોણેશ્વર ગુરૂકુલના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરવામાં આવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

ઉના. તા. ૭: SGVP ગુરૂકુલ અમદાવાદની શાખા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ દ્રોણેશ્વરના નૂતન તથા અન્ય ૧૬૦ વિદ્યાર્થીઓને રાજકોટ સનબેગ વાળા રમેશભાઈ તરફથી શૈક્ષણિક કીટ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.તેમ જણાવ્યું છે.

કાલે રાજકોટમાં વડાલીયા ફૂડસ દ્વારા કંપનીના સૌ પ્રથમ 'ફેક્ટરી આઉટલેટ'નું કરાશે લોન્ચિંગ

કંપની દ્વારા સાધુ વાસવાણી રોડ પર ૫૦૦ સ્કવેર ફીટમાં બીજો ફ્રેન્ચાઈઝી આઉટલેટ સહિત બીજા ૧૦ આઉટલેટ રાજકોટમાં શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૭

સિમેન્ટ ક્ષેત્રે દેશમાં પ્રખ્યાત હાઈબોન્ડ સિમેન્ટ ગ્રુપની કંપની વડાલીયા ફૂડસ દ્વારા કાલે કંપનીનો સૌ પ્રથમ ફ્રેન્ચાઈજી આઉટલેટનું લોન્ચિંગ કરવામાં આવશે. ફ્રેન્ચાઈજી આઉટલેટમાં વડાલીયા ફૂડસની તમામ પ્રોડક્ટ એક જ જગ્યા પરથી મળી રહેશે.

અહીં ઉપલબ્ધ થનાર તમામ પ્રોડક્ટ અને કંપનીના ફ્રેન્ચાઈજી આઉટલેટ વિશે રાજકોટમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં વડાલીયા ફૂડસના ડાયરેક્ટર મીતભાઈ વડાલીયા તેમજ બિઝનેશ ડેવલોપમેન્ટ મેનેજર કેતનભાઈ તન્નાએ જણાવ્યું હતું કે, વડાલીયા ફૂડસ દ્વારા હાલ ૧૫૦ જેટલી નમકીન, વેફર્સ, ફાઈમ્સ, ફરસાણ, ખાખરાં, પાપડ વિગેરે પ્રોડક્ટ લોન્ચ કરવામાં આવી છે.

કઈ કઈ પ્રોડક્ટ બનાવાય છે ?

કંપનીની પ્રોડક્ટ વિશે કેતનભાઈ તન્નાએ જણાવ્યું હતું કે વેફરની આઇટમોમાં સોલ્ટેડ ચિપ્સ, ક્રીમ એન ઓનિયન, સ્પાઇસી મસાલા, મસાલા ચીપ્સની ભારે ડિમાન્ડ છે. આ ઉપરાંત પેપરીકા વેફર, અને સોયા સ્ટીક્સ, મેજિક પૂરી, છોટા કંચ, મસાલા ભૂંગળા, ચોકડી મસાલા, પોપ પોપ પાસ્તા, સીઝલીંગ સ્ટીક, મંચુરિયન વ્હીલ, કાજુ બિસ્કીટસ વિગેરે અનેક આઇટમો બનાવાય છે અને બજારમાં માંગ પણ સારી રહે છે. રાજકોટ ખાતે યોજાયેલી પત્રકાર પરીષદમાં વડાલીયા ફૂડસના ડિરેક્ટર મીતભાઈ વડાલીયા, બિઝનેશ ડેવલોપમેન્ટ મેનેજર કેતનભાઈ તન્ના, બ્રાન્ડ શોપ પ્રોજેક્ટ દીપકભાઈ ગરચર, આર.એસ.એમ. મિતેશ સોમૈયા ઉપસ્થિત રહ્યા હતા.

આ તમામ પ્રોડક્ટ્સ ફ્રેન્ચાઈજી આઉટલેટમાં ઉપલબ્ધ બનશે. અહીં કંપની દ્વારા વિવિધ આઈટેમોના ૪૦૦ ગ્રામના ૧૦૦ ટકા ફૂડ ગ્રેડ કન્ટેનર પેકીંગમાં લોન્ચ કરવામાં આવ્યા છે. કંપની દ્વારા અ પેકને પાર્ટી પેક અને પીકનીક પેક પણ નામ અપાયા છે.

વધુમાં વિગતો જાહેર કરાઈ હતી કે, પ્રથમ તબક્કામાં રાજકોટ શહેરમાં ગાંધી ચેમ્બર, ગોંડલ રોડ, બોમ્બે હોટેલ નજીક આ પ્રથમ રીટેઈલ આઉટલેટ શરૂ કરવામાં આવ્યો છે. અને તેના લોન્ચિંગ બાદ આવતા મહીને શહેરના સાધુ વાસવાણી રોડ ઉપર ૫૦૦ સ્કવેર ફીટ વિસ્તારમાં પોતાનો નવો ફ્રેન્ચાઈજી આઉટલેટ પણ શરૂ કરાશે. આગામી દિવસોમાં અહી ૧૦ જેટલા ફ્રેન્ચાઈજી આઉટલેટ ખોલાશે. કંપની ભવિષ્યમાં માત્રા ગુજરાત જ નહી પરંતુ પાન ઈન્ડિયામાં પોતાના ફ્રેન્ચાઈજી આઉટલેટ શરૂ કરશે. સમગ્ર ભારતમાં નમકીન અને ફાઈમ્સનું વિશાળ માર્કેટ છે. સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતમાં પણ કરોડોનું માર્કેટ ધરાવતા આ વ્યવસાયમાં વડાલીયા કંપની લેટેસ્ટ ટેકનોલોજી અને ફુલ્લી ઓટોમેટીક પ્લાન્ટ સાથે પ્રવેશ કર્યો હતો. સાડા પાંચ એકરમાં પથરાયેલા કંપની પ્લાન્ટમાં તમામ પેકિંગ નાઈટ્રોજન સાથે પેક કરવામાં આવે છે. પરિણામે વાતાવરણની અસર પ્રોડક્ટ ઉપર થતી નથી. એટલું જ નહિ આ તમામ પ્રોડક્ટ ઝીરો ટકા કોલેસ્ટ્રોલ પણ બનાવવામાં આવી છે. સામાન્ય રીતે આ પ્રકારની પ્રોડક્ટ સ્કુલના બાળકો તેમજ યુથ જનરેશન વધુ પસંદ કરતા હોય છે. ત્યારે તેમના સ્વાસ્થ્ય બાબતે પણ તકેદારી રાખવામાં આવે છે. અમારી પ્રોડક્ટ ઉપર લોકોએ ભરોસો મુક્યો છે તેવી બજારની સ્થિતિ વર્ણવતા મીતભાઈ વડાલીયાએ એવું પણ કહ્યું હતું કે, આગામી દિવસોમાં અન્ય પ્રોડક્ટસ લોન્ચ કરવામાં આવશે.

રાજકોટ શહેરની ૧૦ હોસ્પિટલમાં ફાયર સેફટી અંગે તાલીમ આપતું તંત્ર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ,તા.૭

મહાનગરપાલિકાની ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા તા. ૦૬-૦૭ ના રોજ શહેરની વિવિધ હોસ્પિટલો જેવી કે (૧) પ્રગતિ મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ, ૧૨ - મનહર પ્લોટ, મંગળા રોડ, (૨) જીનેસીસ હોસ્પિટલ, બાપા સિતારામ ચોક પાસે, રૈયા રોડ (૩) સ્પર્શ વુમન્સ હોસ્પિટલ, રૈયા રોડ (૪) સમર્પણ હોસ્પિટલ, વાણીયા વાડી - ૧૦, પટેલવાડી સામે (૫) ગોકુલ હોસ્પિટલ, કુવાડવા રોડ, (૬) બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ, યુનિવર્સીટી રોડ, (૭) પદ્મકુંવરબા હોસ્પિટલ, ગુંદાવાડી, (૮) ડો.સ્વામી હોસ્પિટલ, રણછોડનગર મેઇન રોડ (૯) શીજીસ હોસ્પિટલ ૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાસે, (૧૦) વિદિત હોસ્પિટલ એન્ડ આઇ.સી.યુ., એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ તથા (૧) જય ગુરૂદેવ કોમ્પલેક્ષ, સી એન જી પમ્પ સામે, કોઠારીયા રોડ, હાઇરાઇઝ બિલ્ડીંગ (૨) કરણસિંહજી સ્કુલ, કરણસિંહજી મેઇન રોડ, રાજકોટ સ્કુલ ખાતે ફાયર સેફટી અંગે મોકડ્રીલ અને તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. ઉપરોક્ત મોકડ્રીલ દરમ્યાન વિવિધ ૯ (નવ) હોસ્પિટલોમાં ડોકટર તથા નર્સીંગ સ્ટાફ તેમજ અન્ય સ્ટાફને તેમજ ૧ (એક) હાઇરાઇઝ બિલ્ડીંગના રહેવાસીઓ અને ૧ (એક) સ્કુલના વિદ્યાર્થીઓ, સ્ટાફને હોસ્પિટલમાં આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું જોઇએ તેમજ આગ બુઝાવવા માટેનાં સાધનો તથા ફાયર એક્સ્ટીંગ્યુસરનો ઉપયોગ કેવી રીતે કરવો અને દર્દીઓને કઇ રીતે બચાવવા તે અંગે મોકડ્રીલનું આયોજન કરવામા આવેલ.

પીડિતાને માનસિક અને શારીરિક ત્રાસ આપતા પતિને કાયદાકીય જ્ઞાન આપીને ઘરસંસાર બચાવીને પુનઃસ્થાપન કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય)

રાજકોટ તા.૭

મહિલાઓ સ્વતંત્ર, આત્મનિર્ભર અને સુરક્ષિત રહે તે હેતુથી મહિલાઓને કેન્દ્રમાં રાખીને રાજય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલીકૃત કરાઈ છે. આવી જ એક યોજના ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ વર્ષ ૨૦૧૩થી હિંસાથી પીડિત મહિલાઓને કાઉન્સેલિંગ દ્વારા મદદ કરવાના હેતુથી ગુજરાત રાજયના નિયત કરેલા પોલીસ સ્ટેશન ખાતે પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર (મહિલા સહાયતા કેન્દ્ર) શરૂ કરાયું છે.

આ કેન્દ્ર ખાતે તાજેતરમાં જ રાજકોટની પીડીતાનો ઘરસંસાર બચાવીને પુનઃસ્થાપન કરાયું હતું. પુત્ર સાથે રહેતી પીડીતાના પતિને ડ્રાઈવીંગનો વ્યવસાય હોવાથી બે ત્રણ દિવસ સુધી ઘરની બહાર રહેવું પડતું હતું. આથી, જયારે પતિ ઘરે આવે ત્યારે પત્ની પર વારેવારે શંકા કરતા ઘરમાં કલેશનું વાતાવરણ સર્જાતું હતું. જેના પરિણામ સ્વરૂપે પીડિતાએ પતિના ત્રાસના લીધે છુટાછેડા લઈ લીધા હતા. લગ્નજીવનના ભંગાણથી પતિ અને પત્નીને પસ્તાવો થયો અને બંને વચ્ચે શાપર પોલીસ સ્ટેશનમાં સમાધાન થયા બાદ પુનઃલગ્ન કર્યા હતા. થોડો સમય લગ્ન જીવન સારું ચાલ્યું હતું, પરંતુ દીકરો બીમાર પડે ત્યારે પતિ સારવાર અર્થે મદદરૂપ થતા નહી અને જીવનનું ગુજરાન ચલાવવા પણ આર્થિક રીતે સહાય કરતા ન હતા. પીડિતાના પતિ પહેલાની જેમ શંકા અને મારકૂટ શરૂ કરી હતી. પીડિતાએ એક વખત લગ્નજીવન તૂટ્યા બાદ ફરી લગ્ન કરી ગૃહસ્થ જીવન જીવવા પ્રયાસ કર્યો છતાં પરિસ્થિતિઓનું પુનરાવર્તન થયું હતું.

આથી, પીડિતા પિયરે જઈને મહિલા સહાયતા કેન્દ્રનો સંપર્ક સાધીને પોતાની આપવીતી જણાવી હતી. મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલરશ્રી ભાવનાબેન બાબરીયાએ પીડિતાના પતિને ઘરેલુ હિંસા વિરૂધ્ધ કાયદાઓ સમજાવ્યા હતા. તેમજ મહિલાઓ ઉપર થતા અત્યાચાર મહિલાઓના રક્ષણ સામે સરકાર દ્વારા વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. આમ, પીડિતા અને પતિ બંનેને સમજાવીને ફરીથી ગૃહસ્થ જીવન ધબકતું કર્યું હતું.

તંત્રી લેખ

અમેરિકાએ કેમિકલ હથિયારોના ભંડારને નષ્ટ કરવાની શરૂઆત કરી

અમેરિકા કેમિકલ હથિયારોથી મુક્ત દેશ બની જશે. ન્યૂયોર્ક ટાઈમ્સના રિપોર્ટ અનુસાર, અમેરિકાએ ૭૦ વર્ષથી કેમિકલ હથિયારોનો સંગ્રહ કર્યો હતો. તેમને નષ્ટ કરવાની પ્રક્રિયા આજે પૂર્ણ કરવામાં આવશે. અમેરિકાને આ ખતરનાક હથિયારોને ખતમ કરવામાં દાયકાઓ લાગ્યા છે. ડિફેન્સ ડિપાર્ટમેન્ટને હથિયારોને નષ્ટ કરવા માટે ૩ લાખ કરોડ રૂપિયા ખર્ચવા પડશે, જે નિયત બજેટ કરતા ૨૯૦૦% વધુ છે. ગયા મહિને જાહેરાત કરી હતી કે તે સપ્ટેમ્બર સુધીમાં તેના કેમિકલ હથિયારોનો નાશ કરી દેશે.ન્યૂયોર્ક ટાઈમ્સના એક રિપોર્ટ અનુસાર, ૧૯૭૦ના દાયકામાં સૈન્ય એક જૂના જહાજમાં કેમિકલ હથિયારો લોડ કરીને તેને સમુદ્રમાં ડુબાડવા માંગતી હતી. જો કે, લોકોના વિરોધ બાદ આ કરવામાં આવ્યું ન હતું. આ પછી, આ કેમિકલ હથિયારોને ભઠ્ઠીમાં મૂકીને બાળી નાખવાની દરખાસ્ત કરવામાં આવી હતી. આ પણ મંજૂર થઈ શકી નથી. હાલમાં અમેરિકાએ કેમિકલ હથિયારોને નાશ કરવા માટે રોબોટિક મશીનોની મદદ લીધી છે. શેલમાં રાખવામાં આવેલા આ શસ્ત્રોને ૧૫૦૦ ડિગ્રી ફેરનહીટ પર ખોલીને બાળી નાખવામાં આવ્યા છે. યુએસ સેનાએ ૧૯૧૮થી લડાઈમાં ઘાતક કેમિકલ શસ્ત્રોનો ઉપયોગ કર્યો નથી. જો કે, વિયેતનામ યુદ્ધ દરમિયાન, તેણે એજન્ટ ઓરેન્જ જેવા કેમિકલનો ઉપયોગ કર્યો હતો, જે મનુષ્ય માટે જોખમી માનવામાં આવે છે.૧૯૮૯માં યુએસ અને સોવિયેત યુનિયન કેમિકલ શસ્ત્રોના પોતપોતાના ભંડારનો નાશ કરવા સંમત થયા હતા. તેમનો નાશ કરવો સરળ નથી. તેમને નષ્ટ કરવાનો એકમાત્ર રસ્તો સળગાવવાનો છે, જે ઝેરી ધૂમાડો બહાર કાઢે છે. આ ધુમાડાની અસરને સંભાળવી ખૂબ મુશ્કેલ છે. વર્ષ ૧૯૮૬માં અમેરિકાના ઉટાહમાં ૫૬૦૦ ઘેટાં અચાનક મૃત્યુ પામ્યા હતા. આ જગ્યા કેમિકલ વેપન્સના ટેસ્ટ સાઇટની ખૂબ જ નજીક હતી. યુએસ કોંગ્રેસના દબાણ બાદ સેનાએ સ્વીકાર્યું કે તેઓ VX નામના કેમિકલ હથિયારનું ટેસ્ટિંગ કરી રહ્યા છે. તેમની પાસે ૮ રાજ્યોમાં કેમિકલ શસ્ત્રોનો ભંડાર છે. રશિયાનું કહેવું છે કે તેણે ૨૦૧૭માં જ તેના તમામ કેમિકલ હથિયારોનો નાશ કરી દીધો હતો. જોકે, યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ અમેરિકા અને બ્રિટનને ડર હતો કે રશિયા યુક્રેન વિરુદ્ધ કેમિકલ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. રશિયાએ અગાઉ અમેરિકા પર યુક્રેનમાં કેમિકલ અને જૈવિક હથિયારો બનાવવાનો આરોપ લગાવ્યો હતો. ચીનનું કહેવું છે કે તેણે ક્યારેય કેમિકલ હથિયાર બનાવ્યા નથી. જો કે, તેની પાસે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાની સેના દ્વારા છોડવામાં આવેલા કેમિકલ શસ્ત્રોનો મોટો ભંડાર હતો, જે હવે નાશ પામ્યા હોવાનું કહેવાય છે. વર્ષ ૨૦૦૯માં ભારતે તેના તમામ કેમિકલ હથિયારોનો નાશ કર્યો હતો. ઓર્ગેનાઈઝેશન ફોર પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ (OPCW) અનુસાર, કેમિકલ હથિયાર એવા શસ્ત્રો છે જેમાં ઝેરી રસાયણોનો ઉપયોગ ઈરાદાપૂર્વક લોકોને મારવા અથવા નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવે છે. ખતરનાક રસાયણોને હથિયાર બનાવી શકે તેવા લશ્કરી સાધનોને પણ કેમિકલ શસ્ત્રો અથવા રાસાયણિક શસ્ત્રો ગણી શકાય. કેમિકલ શસ્ત્રો એટલા ઘાતક છે કે તે હજારો લોકો એક ક્ષણમાં મોતને ભેટી શકે છે અને તેમને વિવિધ રોગોની અસરથી મરવા માટે પણ મજબૂર કરી શકે છે. કેમિકલ શસ્ત્રો જૈવિક શસ્ત્રોથી અલગ છે. જૈવિક શસ્ત્રો લોકોને મારવા અથવા બીમાર કરવા માટે બેક્ટેરિયા અને વાયરસનો ઉપયોગ કરે છે. કેમિકલ શસ્ત્રો સામૂહિક વિનાશના શસ્ત્રોની કેટેગરીમાં આવે છે. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઓછામાં ઓછા ૧૨ યુદ્ધોમાં કેમિકલ શસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

જન્માષ્ટમીમાં પ્રવાસીઓને લાભ મળશે

ઈન્દોર-ઉદયપુરની ફલાઈટ નવા ઈન્ટરનેશનલ હિરાસર એરપોર્ટથી ઉડશે

નવુ એરપોર્ટ કાર્યરત થયા બાદ ધીમે-ધીમે અન્ય એરલાઈન્સ કંપનીઓનું આગમન

રાજકોટ,તા.૭

રાજકોટ નજીક આંતરરાષ્ટ્રીય હિરાસર એરપોર્ટ આગામી ૧ લી ઓગષ્ટથી વિધીવત રીતે કાર્યરત થાય તેવી સંભાવના છે ત્યારે નવા ઈન્ટરનેશનલ એરપોર્ટની હવાઈ સેવામાં ઈન્દૌર અને ઉદયપુર સેકટર શરૂ થતા જન્માષ્ટમી પર્વની રજાઓમાં પ્રવાસીઓને હવાઈ સેવાનો લાભ મળશે.

ઈન્ડિગો એર લાઈન્સ કંપનીએ ગત ૧ લી મે બાદ ગત તા.૧ લી જુલાઈથી રાજકોટ,ઈન્દોર અને રાજકોટ-ઉદયપુરની સીધી ઉેઈલી ફલાઈટનો શેડયુલ જાહેર કર્યા બાદ આ બંને સેકટર પાછા ઠેલતા હવે નવા ઈન્ટરનેશનલ હિરાસર એરપોર્ટ કાર્યરત થતા આ બંને ફલાઈટનું ઉડ્યન શરૂ થાય તેવા નિદેશો મળી રહ્યા છે.

ગત ૧ લી જુલાઈ ફરી શરૂ કરવા નિર્ણય લીધો બાદ તેનો અમલ નહી કરી બંને ફલાઈટ **porsp one** કરેલ છે. જે હવે આગામી ઓગષ્ટથી નવા ઈન્ટરનેશલ એરપોર્ટમાં શરૂ થશે તેવો સુર ટ્રાવેલ ઓપરેટરોએ વ્યકત કર્યો છે.હાલના દિવસોમાં રાજકોટ એરપોર્ટ મુંબઈ, દિલ્હી, ગોવા, બેગ્લોર, પુના જેવા મેટ્રો શહેરો સાથે હવાઈ સેવાથી જોડાયેલું છે

આરટીઓનો ટ્રેક ઠપ્પઃ દેકારો

એક હજારથી વધુ અરજદારોને ડ્રાઈવીંગ ટેસ્ટ માટે નવી તારીખો આપવી પડીઃ કચેરીનાં ધક્કા ખાઈ કંટાળેલા લોકોમાં ભારે રોષ

રાજકોટ તા.૭ :

વારંવાર ટેકનિકલ ક્ષતિના કારણે બંધ થઈ જતો રાજકોટ જિલ્લા આરટીઓ કચેરીનો ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક ફરી એકવાર છેલ્લા પાંચ દિવસથી ઠપ્પ થઈ જતા ડ્રાઈવીંગ ટેસ્ટ દેવા આવતા અસંખ્ય અરજદારોમાં ભારે દેકારો બોલી ગયો છે અને એક હજાર જેટલા અરજદારોને ટેસ્ટની નવી તારીખો દેવાની તંત્રને ફરજ પડી છે.

આ સુત્રોની રાજકોટ આરટીઓ કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો અનુસાર ટ્રેકનાં સોફ્ટવેરમાં ટેકનીકલ ક્ષતિ સર્જાતા છેલ્લા પાંચ દિવસથી ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક, સદંતર ઠપ્પ થઈ ગયો છે અને છેલ્લા પાંચ દિવસથી અરજદારોને આરટીઓ કચેરીનાં ધક્કા થતા ભારે રોષ છવાયો છે. દરમ્યાન આ અંગે રાજકોટ જિલ્લા આરટીઓ અધિકારી કે.એમ. ખપેડનો સંપર્ક સાધતા

તેઓએ જણાવેલ હતું કે ટ્રેકના સોફ્ટવેરમાં ટેકનીકલ ક્ષતિ સર્જાઈ છે આથી પાંચ દિવસ થયા ટ્રેક બંધ છે

અને ટેસ્ટ માટે અગાઉ તારીખો લેનારા એકાદ હજાર જેટલા વાહન ચાલકોને નવી તારીખો અપાઈ રહી છે. વધુમાં જણાવેલ હતું કે હજુ આજે પણ ટ્રેક શરૂ થઈ શક્યો નથી. પરંતુ ટેકનીકલ ટીમ સોફ્ટવેરની ક્ષતિ સુધારવા માટે સતત કાર્યરત છે. અને સંભવતઃ આવતીકાલ સુધીમાં ટ્રેક ફરી કાર્યરત થઈ જશે તેવી આશા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આરટીઓનાં ટ્રેકમાં અત્યાર સુધીમાં અનેક વકત ટેકનીકલ કારણોસર બંધ રાખવો પડે છે. આથી અરજદારોને અનેક વખત દિવસો સુધી હેરાનગતી ભોગવવી પડે છે.

૮ ટકા મહિલાઓની નામ નોંધણીમાં ગુજરાતનો ફાળો ૭૫ ટકા

મહિલાઓને રોજગારી આપવામાં ગુજરાત રાજ્ય દેશમાં બીજા સ્થાને

પાંચ વર્ષમાં ૧૫ લાખથી વધુ શિક્ષીતોને રોજગારી મળી હોવાનો દાવો

ગાંધીનગર.તા.,૭

એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીકસ ૨૦૨૩'માં જણાવ્યા અનુસાર વર્ષ ૨૦૨૨માં દેશભરના રાજ્યો દ્વારા કુલ ૬,૪૪,૬૦૦ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવી છે. જેના ૪૩ ટકા એટલે કે ૨,૭૪,૮૦૦ જેટલા યુવાનોને ગુજરાતે રોજગારી પૂરી પાડી છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં ખાલી પડેલી ૧૩,૬૭,૬૦૦ જેટલી જગ્યાઓની નોંધણી કરવામાં આવી છે, જેની સામે ગુજરાત ૩,૫૯,૮૦૦ ખાલી જગ્યાઓની નોંધણી સાથે દેશમાં બીજા ક્રમે છે. ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા દર વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવતા અહેવાલ અંગે માહિતી આપતા શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રોજગાર કચેરીઓ દ્વારા યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત વર્ષ ૨૦૦૨થી દેશમાં સતત પ્રથમ ક્રમાંકે છે. જે અનુક્રમને ગુજરાતે આ વર્ષે પણ જાળવી રાખ્યો છે. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ-૨૦૨૩ મુજબ વર્ષ૨૦૨૨ દરમિયાન રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત ફરી એકવાર પ્રથમ ક્રમે આવ્યું છે. ગત માર્ચ-૨૦૨૩માં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં દર્શાવ્યા અનુસાર ગુજરાત અનુસૂચિત જાતિના અને અનુસૂચિત જનજાતિના યુવાનોને રોજગારી પૂરી પાડવામાં પણ દેશમાં પ્રથમ છે. ભારતમાં વર્ષ ૨૦૨૨ દરમિયાન અનુસૂચિત જાતિના ૩૮,૭૦૦ યુવાનોને રોજગારી આપવામાં આવી, જેની સામે ગુજરાતમાં તેના ૫૮ ટકા એટલે કે, ૨૨,૬૦૦ અનુસૂચિત જાતિના યુવાનોને રોજગારી આપવામાં આવી છે. આ ઉપરાંત ભારતમાં અનુસૂચિત જનજાતિના ૨૨,૦૦૦ ઉમેદવારોને વર્ષ ૨૦૨૨માં નોકરી મળી, તેના ૮૬ ટકા એટલે કે ૧૯,૧૦૦ અનુ. જનજાતિના યુવાનોને ગુજરાતમાં રોજગારી અપાઈ છે.ગુજરાત રાજ્ય મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. ભારતભરમાં વર્ષ ૨૦૨૨ દરમિયાન કુલ ૧,૨૨,૭૦૦ મહિલાઓને રોજગારી આપવામાં આવી છે, જેની સામે ગુજરાત દ્વારા ૪૫,૮૦૦ એટલે કે ૩૭ ટકા જેટલી મહિલાઓને રોજગારી પૂરી પાડવામાં આવી છે. આ ઉપરાંત રોજગારવાન્છું મહિલાઓની નામ નોંધણીમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ આવ્યું છે. સમગ્ર ભારત-માં થયેલી ૮ ટકા મહિલાઓની નામ નોંધણીમાં ગુજરાતનો ફાળો ૭૫ ટકા જેટલો છે.

શહેરના વોર્ડ નં.૧ થી ૧૮ માં પ્રભારીઓની જાહેરાત કરતું શહેર ભાજપ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીની એક યાદીમાં જણાવેલ છે કે પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ તેમજ પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડા તેમજ રાજકોટ શહેર ભાજપ સંગઠનના પ્રભારી પ્રકાશભાઈ સોની, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, મહામંત્રી અશ્વીન મોલીયા, ડો. માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા એ રાજકોટ શહેર ભાજપના તમામ વોર્ડમાં પ્રભારીઓની જાહેરાત કરેલ છે.જેમાં વોર્ડ-૧ માં કાયડભાઈ ડાંગર, વોર્ડ-૨માં કુલદીપસિંહ જાડેજા, વોર્ડ-૩માં પૂર્વેશ ભટ્ટ, વોર્ડ-૪ માં જે.ડી. ભાખર, વોર્ડ-૫માં દુષ્યંત સંપટ, વોર્ડ-૬માં રસીકભાઈ પટેલ, વોર્ડ-૭માં પ્રફુલભાઈ કાથરોટીયા, વોર્ડ-૮માં સંજયભાઈ દવે, વોર્ડ-૯માં ધર્મેન્દ્ર ભગત,

તમામ વોર્ડના નવનિયુકત પ્રભારીઓને શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ

વોર્ડ-૧૦માં રઘુભાઈ ધોળકીયા, વોર્ડ-૧૧માં પરેશભાઈ ઠાકર, વોર્ડ-૧૨માં જયદીપભાઈ કાચા, વોર્ડ-૧૩માં રાજુભાઈ ફળદુ, વોર્ડ-૧૪માં જીગ્નેશભાઈ જોષી, વોર્ડ-૧૫માં જયેશભાઈ દવે, વોર્ડ-૧૬માં વરજાંગભાઈ હુંબલ, વોર્ડ-૧૭માં જયંતીભાઈ નોંધણવદરા, વોર્ડ-૧૮માં ગેલાભાઈ રબારીની વરણી કરવામાં આવેલ છે.

આ તકે તમામ વોર્ડપ્રભારીઓની આ નવનિયુક્ત ટીમને શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશી, રાજ્યના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદો મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ભરતભાઈ બોઘરા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, ધારાસભ્ય ઉદય કાનગડ, ડો.દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, ડો. માધવદ દવે, વીરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રમુખ કમલેશ મિરાણી સહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી. તેમ જણાવ્યું છે.

વોર્ડ નં.૫ માં દુષ્યંટ સંપટ, વોર્ડ નં.૬ માં રસિકભાઈ પટેલ, વોર્ડ નં.૧૮ માં ગેલાભાઈ રબારી સહિતનાને પ્રભારી બનાવાયા

વોર્ડ નં.૧ થી ૧૮ પ્રમુખ-મહામંત્રીઓની કાલે જાહેરાત થાય તેવી શકયતા

ગઈકાલે ગુરૂવારે શહેર ભાજપ દ્વારા રાજકોટ મહાનગર વોર્ડ નં.૧ થી ૧૮ ના પ્રભારીઓની જાહેરાત કરી છે. વોર્ડ નં.૧ થી ૧૮ ના પ્રમુખ અને મહામંત્રીઓની કાલે જાહેરાત થાય તેવી શકયતા છે.

મહાનગરપાલિકા સંચાલિત પુસ્તકાલયોમાં

જુનમાં ૩૩૯ નવા સભ્યો જોડાયા

રાત્રી વાંચનાલયનો એક મહિનામાં કુલ ૨,૪૫૬ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ લીધો લાભ

એક મહિનામાં કુલ ૨,૪૫૬ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનોએ લાભ લીધેલ છે. જુન માંસ દરમ્યાન ૯૨૪ મેગેઝીનની વાંચકો માટે ખરીદી કરવામાં આવેલ.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શ્રીમતિ પ્રભાદેવી.જે. નારાયણ પુસ્તકાલય, શ્રી દત્તોપંત ઠેંગડી પુસ્તકાલય, બાબુભાઈ વૈધ લાયબ્રેરી ડો. બાબા સાહેબ આંબેડકર ભવન લાઈબ્રેરી, બહેનો અને બાળકો માટેની મોબાઈલ લાઈબ્રેરી યુનિટ ૧ તથા ૨, મહિલા એકટીવિટી સેન્ટર, મહિલા વાચનાલયમાં જુન-૨૦૨૩ માસ દરમ્યાન કુલ ૨૭,૯૯૦ મુલાકાતીઓએ લાભ લીધેલ હતો. આ એક માસ દરમ્યાન ૩૩૯ નવા સભ્યો લાઈબ્રેરી સાથે જોડાયા હતા. સભ્યોની માંગણી અને નવ પ્રકાશિત વિવિધ વિષયોનાં પુસ્તકો, બાળ સાહિત્ય, ગુજરાતી સાહિત્ય, નવલકથા, નવલિકાની સાથે સાથે વિદ્યાર્થીઓ માટે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો મળી કુલ ૮૫૦ પુસ્તકો, તથા બાળકો માટે વિવિધ પ્રકારના ૧૫૦ જેવા રમકડા, પઝલ્સ, ગેઈમ્સ વગેરે ઈસ્યુમાં મુકવામાં આવેલા છે. વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી વાંચનાલયનો સમય રાત્રે ૧૧ વાગ્યા સુધીનો કરવામાં આવેલ છે. જેનો છેલ્લા

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

આર્થિક મુલ્યો-વેપારીકરણને સમર્થન આપવાને બદલે સાચા શિક્ષણકાર બનો : યશવંત જનાણી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડો.ભીમાણીને અપીલ કરતા સમાજ સેવા સંગઠક જનાણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ ડો. ભીમાણીને અપીલ કરી સમાજ સેવા સંગઠક યશવંત જનાણીએ જણાવ્યું છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં શિક્ષણ ક્ષેત્રે આર્થિક મૂલ્યો અને વેપારીકરણ તેમજ ખાનગીકરણને પ્રાધાન્ય આપવાને બદલે સાચા શિક્ષણકાર બનવું જોઈએ. એ સિવાય સંસ્થાને બી માંથી એ ગ્રેડમાં લાવવા પ્રાધ્યાપકો અને અધિકારીઓએ સાથે મળીને મહેનત કરવી જોઈએ. ગુજરાતી ભાષા ભવનના અધ્યક્ષ ડો. મહેશ જોષીને યુનિવર્સિટી બારામાં એક કવિતા લખવા બદલ સસ્પેન્ડ કરાયાના પગલાને અન્યાયી ગણાવીને તેમનું સસ્પેન્શન રદ્દ કરવા પણ જનાણી દ્વારા માંગણી કરાઈ છે. તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, ડો. ભીમાણીએ સૌથી વધુ સમય ફરજ બજાવી છે. કોઈ કાર્યકારી કુલપતિ આટલો સમય ટક્યા નથી. ત્યારે વિવાદ વગર શિક્ષણ અને વહીવટ સુધારાય તે સાર્વજનિક ઇચ્છનીય છે. ડો. જોશીને સસ્પેન્ડ કરવાની વાતમાં ઉતાવળ થઇ હોવાનું તેમજ આ ભૂલ ન સુધારાય તો ઉચ્ચ કક્ષાએથી તપાસ માંગવી પડશે. તેમ જણાવ્યું છે.

દિલીપભાઈ સોમૈયા પરિવાર દ્વારા

થેલેસેમિયાગ્રસ્ત બાળકોને ફૂલસ્કેપ ચોપડાનું વિનામૂલ્યે વિતરણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

વિવેકાનંદ યુથ ક્લબ દ્વારા રઘુવંશી સમાજના અગ્રણી અંકિત એસ્ટેટવાળા દિલીપભાઈ, યોગેશભાઈ, આશિષભાઈ, તેમજ અંકીતભાઈ સોમૈયા પરિવારના સહયોગથી માતૃશ્રી કમળાબેન પ્રભુદાસભાઈ સોમૈયાના નામથી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા થેલેસેમિયા પીડિત બાળકોને વિનામૂલ્યે ૯૦૦ ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકાર્યમાં સંસ્થાના અનુપમ દોશી, દિનેશભાઈ ગોવાણી, જયેન્દ્રભાઈ મહેતા, પંકજભાઈ રૂપારેલીયા, હસુભાઈ શાહ, વિપુલભાઈ ભટ્ટ, ઉમાબેન વિગેરે જોડાયા હતા. તેમ જણાવ્યું છે.

ધોરાજી તાલુકામાં રૂ. ૫૫૬૦ લાખના રોડ રસ્તા, બ્રીજના કામો થશે

રૂ. ૨૧૫૦ લાખના કામોની સરકારમાં દરખાસ્ત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૫૫૬૦ લાખના રોડ રસ્તાના વિકાસ કામો કરાશે. જે પૈકી રૂ. ૬૧૦ લાખના કામો પ્રગતિ હેઠળ છે જયારે રૂ. ૨૮૦૦ લાખના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ અને રૂ. ૨૧૫૦ લાખના કામોની દરખાસ્ત સરકારમાં કરાઈ છે. તેમ આ ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલીયાએ જણાવ્યું છે.

ધોરાજી તાલુકામાં રૂ.૬૧૦ લાખના કામો પ્રગતિ હેઠળ છે. જેમાં રૂ.૪૦ લાખના ખર્ચે સુપેડી-નાનીવાડી-ખાખીજાળીયા કોલકી બ્રીજનું કામ, રૂ. ૧૫૦ લાખના ખર્ચે ધોરાજી-ઉપલેટા રોડનું કામ, રૂ.૪૨૦ લાખના ખર્ચે ધોરાજી-જુનાગઢ રોડ અને ધોરાજી ઓલ્ડ એન.એચ.રોડનું કામ પ્રગતિ હેઠળ છે.

ધોરાજી તાલુકામાં રૂ. ૨૮૦૦ લાખના રોડ રસ્તાના કામો કરવાની દરખાસ્ત થઇ છે જેમાં રૂ.૨૬૦૦ લાખના ખર્ચે ધોરાજી- ભોળા-છાડવાવદર-ભોલાગામડા-ચીખલીયા-હાથફોડી રોડનું કામ, રૂ.૧૬૦ લાખના ખર્ચે સુપેડી-નાનીવાવડી-ખાખીજાળીયા કોલકી પુલનું કામ અને રૂ. ૪૦ લાખના ખર્ચે સુપેડી-નાનીવાવડી-ખાખીજાળીયા કોલકી સ્લેબનું કામ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

ધોરાજી તાલુકામાં રૂ.૨૧૫૦ લાખના ખર્ચે રોડ રસ્તાના કામો કરવાની દરખાસ્ત કરાઈ છે જેમાં રૂ.૬૩૦ લાખના ખર્ચે ધોરાજી ઓલ્ડ એન.એચ. રીસરફેસિંગનું કામ, રૂ. ૭૫૦ લાખના ખર્ચે ધોરાજી-જુનાગઢ રીસરફેસિંગનું કામ, રૂ. ૨૩૦ લાખના ખર્ચે સુપેડી-નાનીવાવડી-ખાખીજાળીયા કોલકી રોડ ખાતે સેવંત્રા ગામે સી.સી. રોડનું અને હયાત સ્લેબ ડ્રેઈનની જગ્યાએ માઈનોર બ્રીજ બનાવવાની કામગીરી, રૂ.૨૪૦ લાખના ખર્ચે ધોરાજી પાટણવાવ રોડ, રૂ. ૩૦૦ લાખના ખર્ચે ધોરાજી-ફરેણી રોડનું કામ સરકારમાં દરખાસ્ત કરાઈ છે.

જસદણની શ્રીનાથજી હવેલીમાં ભવ્ય હિંડોળા મહોત્સવનો પ્રારંભ

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૭

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિધ્ધ જસદણની શ્રીનાથજી હવેલીમાં હિંડોળા મહોત્સવનો ભવ્યતાથી પ્રારંભ થયો છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રીનાથજી હવેલી જસદણ ખાતે તા.૫-૩-૨૦૩ થી હિંડોળા મહોત્સવનો પ્રારંભ થયો છે. દરરોજ સાંજે ૭ થી ૮ કલાક દરમિયાન હિંડોળાના દર્શન યોજાશે. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશી ઠાકોરજીને હિંડોળામાં ઝુલાવી રહ્યા છે.

હિંડોળા મહોત્સવ દરમિયાન દરરોજ અલગ અલગ શુશોભન કરવામાં આવશે. ફૂલના હિંડોળા, શાકભાજીના હિંડોળા, સુકામેવાના હિંડોળા, ઝરીના હિંડોળા, લીલી વનસ્પતિના હિંડોળા, ફૂટના હિંડોળા, ગુલાબ મોગરોના હિંડોળા એમ અલગ

અલગ પ્રકારે હિંડોળાની સજાવટ કરીને ઠાકોરજીને હિંડોળે ઝુલાવવામાં આવશે.

હિંડોળા દર્શન દરમિયાન કીર્તનીયાઓ દ્વારા કીર્તનની રમઝટ બોલાવવામાં આવશે. સાંજે આઠ કલાકે હિંડોળામાં આરતીના દર્શન થશે. શ્રીનાથજી હવેલી જસદણના પ્રમુખ કિરીટભાઈ પટેલ ટ્રસ્ટી ભરતભાઈ જનાણી, ટ્રસ્ટી ભરતભાઈ ધારૈયા, ટ્રસ્ટી હસુભાઈ ગાંધી, ટ્રસ્ટી બટુકભાઈ તન્ના, ઉપપ્રમુખ ચંદ્રકાંતભાઈ બાબરીયા અને કમલેશભાઈ ચોલેરા, મંત્રી ધર્મેશભાઈ કલ્યાણી સહમંત્રીઓ નિલેશભાઈ રાઠોડ તથા સાગરભાઈ દોશી, ખજાનચી ચંદુભાઈ વડોદરીયા અને આમંત્રિત ટ્રસ્ટી મંડળના અશોકભાઈ મહેતા, કિરીટભાઈ છાયાણી, નરેશભાઈ દરેડ, સંજયભાઈ સખીયા, અરવિંદભાઈ પાટડિયા, વિજયભાઈ જે રાઠોડ, ચંદુભાઈ ગોટી, રમેશભાઈ ગોલ્ડન ચા કિશોરભાઈ ગઢવી, કમીટીના જયકાન્તભાઈ છાટબાર, કિરીટભાઈ મણિયાર, જીતુભાઈ ઠક્કર વિઠલભાઈ સખિયા, મિલનભાઈ મણિયાર, પ્રકાશભાઈ જસાણી, સંજયભાઈ પોપટ, ભુપેન્દ્રભાઈ ધારૈયા, હવેલીના મેનેજર દિનેશભાઈ ચાંવ સહિતનાએ ભવ્ય અને દિવ્ય દર્શનનો લાભ લેવા અનુરોધ કર્યો છે.

કેસ રદ થતા હુકમ સામે થયેલ રીવીઝનમાં નીચેની કોર્ટનો ઓર્ડર રદ કરતી ઉપલી કોર્ટ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

પડધરીમાં ઈન્ડિયન આઈસ ફેકટરી આવેલ હોય તથા તે ફેકટરીમાં અલગથી મીટર રૂમ બનાવવામાં આવેલ હોય તે ફેકટરીમાં ચાલુ ફેકટરી દરમ્યાન મીટર રૂમ ભડકો (બ્લાસ્ટ) થતા મીટર બડી ગયેલ હોય જેથી ફેકટરીના અધિકારીએ જી.ઈ.બી ને અરજી કરતા જી.ઈ.બી ના અધિકારીએ ફેકટરી પર આવીને સ્થળ ચેક કરેલ અને મીટર ચેકીગ કરવાના હેતુથી ફેકટરીમાંથી મીટર સીલ કરીને લઈ ગયેલ હોય. ફેકટરી થકી જવાબદાર અધિકારી હાજર હોય અને ચેકીંગમાં જી.ઈ.બી ના અધિકારીએ ફેકટરીના અધિકારી પાસેથી લાંચ માગેલ હોય જે લાંચ આપવા માટે ફેકટરીના અધીકારીએ ના પાડતા જી.ઈ.બી ના અધિકારીએ મીટર મા ફોલ્ટ હોવાનો ખોટા કાગળો બનાવેલ અને ખોટી પધ્ધતી ફીટ કરી દેવા નુકશાની કરવાના મલિન ઈરાદેથી ખોટુ રીપોર્ટ બનાવેલ અને તેમા ફેકટરીના જવાબદારી અધિકારી પાસે સહિ કરવાનું કહેલ ફેકટરીના અધિકારીએ તે રીપોર્ટમાં પોતાના વાંધો લખી ત્યારબાદ સહિ કરેલ હોય. આમ જી.ઈ.બી ના અધિકારીએ ખોટી રીતે રીપોર્ટ બનાવેલ હોય તેવા વિગતની અરજી સાથે પડધરીની કોર્ટમાં ફોજદારી ઈન્કવાયરી જી.ઈ.બી ના અધિકારી ઉપર કરેલ હોય. જે ઈન્કવાયરી ચાલતા દરમ્યાન પડધરી કોર્ટએ ઈન્કવાયરી રદ કરતો હુકમ ફરમાવેલ હોય. જેથી ફેકટરી એ કરેલ કેસ પડધરી કોર્ટમાંથી નીકળી ગયેલ. જેથી ફેકટરીના વ્યકિતએ પડધરી કોર્ટના હુકમથી નારાજ થઈને રાજકોટ સેશન્સ કોર્ટમાં રીવીઝન દાખલ કરેલ હોય જે રીવીઝન ચાલતા દલીલ સમયે ફેકટરીના એડવોકેટ તથા સામાવાળાના એડવોકેટએ બચાવ માટે વિવિધ રજુઆતો કરતા ઈન્ડિયન આઈસ ફેકટરીના એડવોકેટની દલીલોને ધ્યાને રાખીને ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટે પડધરીનો કોર્ટએ કરેલ હુકમ રદ કરતો હુકમ ફરમાવેલ અને સાથો સાથ ફરીયાદીને પુરાવા રજુ કરવાની યોગ્ય તક આપીને કેસ ફરીથી ચલાવવા અંગેનો હુકમ ફરમાવેલ છે.

આ કેસમાં ઈન્ડિયન આઈસ ફેકટરી વતી એડવોકેટ તરીકે રાજકોટના જાણીતા યુવા ધારાશાસ્ત્રી એડવોકેટ દુર્ગેશ જી, ધનકાણી, વિજયભાઈ સી. સીતાપરા, પ્રદીપ બોરીચા, વિવેક

એડવોકેટ: દુર્ગેશ ધનકાણી

સોજીત્રા, રંજનબા જાડેજા, યથાર્થ શાહ તથા જેનીશ સરધારા રોકાયેલા હતા.

મરીન નેશનલ પાર્કમાં ૩૫૦૦ એકરમાં મેનગ્રૂવ્સ જંગલના નિર્માણ માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજ્ય સરકાર સાથે કરાર

કેન્દ્રિય વન મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને જામનગરના સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં રાજ્યના વનમંત્રી મૂળુભાઈ બેરા અને રિલાયન્સના પરિમલ નથવાણીએ સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
જામનગર, તા.૭

કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી યોજના અંતર્ગત મરીન નેશનલ પાર્કમાં ૩૫૦૦ એકર વિસ્તારમાં ચેર (મેનગ્રૂવ્સ)ના જંગલોના સર્જન માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા રાજ્ય સરકાર સાથે સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કેન્દ્રિય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન, શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવ અને જામનગર અને દ્વારકાના સાંસદ પૂનમબેન માડમની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, જળવાયું પરિવર્તન મંત્રી મૂળુભાઈ બેરા તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેક્ટર તથા રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીએ આ સમજૂતિ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર અનુસાર, આગામી પાંચ વર્ષમાં રૂ. ૫૧૦ લાખના ખર્ચે ચેરના વૃક્ષોના વનનું નિર્માણ કરવામાં આવશે. સમુદ્રતટના ક્ષાર પ્રવેશને રોકવા તથા દરિયાઈ ઈકોસિસ્ટમની જાળવણી અને પર્યાવરણ સંતુલનમાં આ ચેર ખૂબ મોટું યોગદાન આપશે.

ભૂપેન્દ્ર યાદવ તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોએ જામનગર નજીક મોટી ખાવડીમાં આવેલા રાધેકૃષ્ણ ટેમ્પલ એલિફન્ટ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત વિશ્વના સૌથી વિશાળ એલિફન્ટ કેમ્પ તથા ગ્રીન્સ ઝૂઓલોજિકલ રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટર (જી.ઝેડ.આર.આર.સી.) સંચાલિત વિશ્વના મોટામાં મોટા તથા વૈશ્વિક સુવિધાઓ સભર લેપર્ડ રેસ્ક્યુ સેન્ટર તથા અન્ય વન્ય પ્રાણીઓના રેસ્ક્યુ સેન્ટરની પણ મુલાકાત લીધી હતી.

ઉલ્લેખનીય છે કે, આ વિશાળ સંકુલમાં સમગ્ર દેશ અને દુનિયામાંથી રેસ્કયુ કરીને લાવવામાં આવેલા પ્રાણીઓની સારસંભાળ ઉપરાંત તેમની રોજિંદી દિનચર્યા, ખોરાક વ્યવસ્થાપન, વ્યાયામ, તબીબી સારવારની વૈશ્વિક ગુણવત્તાની સેવાઓ રિલાયન્સની સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે કરવામાં આવે છે.

સમગ્ર ભારત અને વિદેશમાંથી રેસ્ક્યુ કરાયેલા હાથી, દીપડા, મગર, સહિતના વન્ય પ્રાણીઓની અહીં વૈજ્ઞાનિક અભિગમ સાથે જે રીતે યોગ્યરીતે સારસંભાળ લેવામાં આવે છે તેનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને કેન્દ્રિય વન પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે મુક્તકંઠે પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં કેન્દ્રિય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન, શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવ ગુજરાત રાજ્યના વન મંત્રી મૂળુભાઈ બેરા, અને જામનગર અને દ્વારકાના સાંસદ પૂનમબેન માડમ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેક્ટર તથા રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણી, રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડ, વન પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના સ્પેશ્યલ સેક્રેટરી અને ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ ચંદ્ર પ્રકાશ ગોયલ, ગુજરાતના અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ એસ.કે.ચતુર્વેદી તથા કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા. તેમ જણાવ્યું છે.

સિંહ પરિવારે છીપાવી તરસ!

(મિલાપ રૂપારેલીયા દ્વારા) અમરેલી: અમરેલી જિલ્લાના ગીર વિસ્તાર તથા આજુબાજુના રેવેન્યુ વિસ્તારમાં સિંહ પરિવાર વસવાટ કરતો હોય અને સિંહ પરિવારનો દબદબો રહેતો હોય ત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીની વિદાય થતાં અને ચોમાસામાં વરસાદી વાતાવરણ જામતા જંગલના રાજા કહેવાતા સિંહોને પણ ગરમીથી હાશકારો થયો હતો. ખાંભા ગીરના રેવન્યુ પંથકમાં વરસાદની મહેર થતાં વરસાદી પાણીના ખાબોચિયાં ભરાઈ જતા સિંહોને પીવાના પાણીની ચિંતાઓ થઈ દૂર થઈ હોય તેમ જંગલ વિસ્તારમાં વિહરતા ચાર સિંહો પાણીના ઝરણાં નજીક વિસામો લીધો હતો. ત્રણ પાઠડા સિંહો અને એક માતા સિંહણે વહેતા એક ઝરણા નજીક જોવા મળ્યા જ્યાં તેમણે વહેતા ઝરણા-ખાબોચિયાંમાં સિંહોએ પોતાની તરસ છીપવતા હોય તેવા સમયે આ દ્રશ્ય વન્ય પ્રાણી પ્રેમીએ પોતાના મોબાઈલના કેમેરામાં થયા કેદ કરી લીધું હતું.

જી.ટી.યુ.સેમેસ્ટર ૮ના પરિણામમાં સમગ્ર ગુજરાતમાં
બ્રાંચ વાઈઝ મુજબ વી.વી.પી. ઈજનેરી કોલેજની વિદ્યાર્થીનીએ મેળવ્યો પહેલો નંબર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

તાજેતરમાં જી.ટી.યુ. દ્વારા જાહેર થયેલ સેમેસ્ટર આઠના પરિણામનું એનાલીસીસ કરતા સમગ્ર ગુજરાતમાં સી.પી.આઈ.(બ્રાંચ વાઈઝ) મુજબ વી.વી.પી. ઈજનેરી કોલેજની વિદ્યાર્થીનીએ નંબર વનનો દબદબો જાળવી રાખ્યો છે.

સમગ્ર ગુજરાતમાં રાજકોટની વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના ૪૩૦ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપેલ અને રિઝલ્ટ ૧૦૦% આવેલ છે.

આઠમાં સેમેસ્ટરના પરિણામમાં સમગ્ર ગુજરાતમાં જી.ટી.યુ. ટોપ ૧૦માં બ્રાંચ વાઈઝ (સી.પી.આઈ. વાઈઝ) વી.વી.પી.ની વિદ્યાર્થીની હિતાર્થી રાજેશભાઈ વેકરીયા (ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ) પ્રથમ ક્રમાંક, જીત દિનેશભાઈ ચાચડીયા (ઈલેકટ્રોનીકસ એન્ડ કોમ્યુનીકેશન એન્જીનીયરીંગ) તૃતીય ક્રમાંક, વિશ્વજીતસિંહ હિતેન્દ્રસિંહ જાડેજા (ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ) દ્વિતીય ક્રમાંક, મલીક સના જાવેદ ખાન (ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ) છઠો ક્રમાંક, ત્રાડા કૃપાલી જીવનભાઈ (ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ) સાતમો ક્રમાંક, હર્ષ પરેશભાઈ ખેરડીયા (મિકેનીકલ એન્જીનીયરીંગ) બીજા ક્રમાકે, ધ્રુવીલ યોગેશભાઈ માલવીયા (મિકેનીકલ એન્જીનીયરીંગ) તૃતીય ક્રમાંક, ફૂફસાર આસીફભાઈ છાટબાર (બાયોટેકનોલોજી એન્જીનીયરીંગ) પ્રથમ ક્રમાંક, રાજીવ ભાવેશભાઈ ભટ્ટ (બાયોટેકનોલોજી એન્જીનીયરીંગ) દ્વિતીય ક્રમાંક, વિશ્વા વિનેશભાઈ મહેતા (બાયોટેકનોલોજી એન્જીનીયરીંગ) તૃતીય ક્રમાંક, મિતુલ કિરીટભાઈ પંચાસરા (બાયોટેકનોલોજી એન્જીનીયરીંગ) ચોથો ક્રમાંક, નેવીલ જેન્તીભાઈ ફાચરા (બાયોટેકનોલોજી એન્જીનીયરીંગ) પાંચમો ક્રમાંક મેળવી જી.ટી.યુ. ટોપટેનમાં સ્થાન મેળવી વી.વી.પી. નો દબદબો જાળવી રાખેલ છે.

ઓવર ઓલ રિઝલ્ટ એનાલીસીસ પ્રમાણે જી.ટી.યુ. સેમેસ્ટર આઠનું રીઝલ્ટમાં પરિક્ષાર્થીની સંખ્યા ૧૯૭૮૭, પાસ થનારની સંખ્યા ૧૯૭૮૭, નાપાસ થનારની સંખ્યા ૦૦, પાસ થનારની સંખ્યા ટકામાં ૧૦૦ છે. ઉપરોકત સેસ્મેટર આઠના સારા રિઝલ્ટ માટે સંસ્થાના આ. મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા, ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, હર્ષલભાઈ મણીઆર, ડો. સંજીવભાઈ ઓઝા, ડો. નરેન્દ્રભાઈ દવે તથા પ્રિન્સીપાલ ડો. તેજસભાઈ પાટલીયાએ વિદ્યાર્થીઓ તથા પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવ્યા છે. તેમ જણાવ્યું છે.

જમીન પચાવી પાડવાનો ખાર રાખી માર-મારી ફાયરીંગ કરવાના ગુન્હામાં મુખ્ય આરોપી આગોતરા જામીન મુકત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

ધુનડા રોડ ઉપર વિરપર ગામની સીમમાં ફરીયાદી શામજીભાઈ પિતાંબરભાઈ નકુમ તથા તેના ભત્રીજા ચુનિલાલ પરસોતમ નકુમની વાડીએ કામ કરતા હતા, ત્યારે કાળા કલરની સ્કોર્પિયો કારમાં આવેલા અજાણ્યા શખ્સોએ તેમને ધોકા વડે માર મારી આ જમીન અમારી છે ખાલી કરી આપજો કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને આરોપીઓએ ફાયરીંગ કર્યાનું પણ જણાવ્યુ હતુ, ફરીયાદમાં વિરપુરના જ મેરુભાઈ રામજીભાઈ ભુંભરીયા સહિતના શખ્સોના નામ જણાવ્યા હતા, આ અંગે ટંકારા પોલીસે ફરીયાદના આધારે આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધી હતી.

બાદમાં મુખ્ય આરોપી મેરુભાઈ રામજીભાઈ ભુંભરીયાએ મોરબીના શેસન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી ગુજારતા તે નામંજુર થઈ હતી, આથી તેઓએ હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરેલ હતી, જ્યાં આરોપી તરફેના વકીલની દલીલો તથા રજુ રાખેલા જજમેન્ટોને માન્ય રાખી તપાસના કામે કાયદાના યોગ્ય નિયમોનું પાલન ન થયાનું નોંધી મુખ્ય આરોપી મેરુભાઈ રામજીભાઈ ભુંભરીયાની આગોતરા જામીન અરજી મંજુર કરી હતી.

આ કેસમાં આરોપી મેરુભાઈ રામજીભાઈ ભુંભરીયાના વકીલ લોયર્સ ડેસ્ક ફર્મના યુવા એડવોકેટ ભાવેશ બાંભવા, હિતેષ વિરડા તથા નિરવ પંડયા રોકાયેલ હતા.

લોખંડના પાઈપ વડે મારા-મારી કરવાના ગુન્હામાં આરોપીને છ માસની કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

ફરીયાદી વિલાસબેન પ્રકાશભાઈ કિહલા તેમના ઘરે હતા ત્યારે સાંજના સાડા સાતએક વાગ્યા ના વખતે તેમના ખેતરની બાજુમાં શેઢા ઉપર રહેતા તેમના કાકાજી સસરાના દીકરા કાળુભાઈ ભોજાભાઈ કિહલા તથા અન્ય બે બાળ કિશોર આ ત્રણેય લોકો ફરિયાદીના ઘરે આવેલા અને તમારી વાછરડીને કેમ છૂટી મૂકી દો છો અમારો રજકો ખાઈ જાય છે તેમ કહી ઝઘડો કરવા લાગેલા અને કાળુભાઈ ભોજાભાઇએ ફરિયાદીને પછાડી દીધેલ અને ગાળો બોલવા લાગેલા આ અવાજ સાંભળતા ફરિયાદીના પતિ પ્રકાશભાઈ ઘરમાંથી બહાર આવતા બાળ કિશોર દ્વારા લોખંડનો પાઇપ ફરિયાદીના પતિના માથા ઉપર મારતા લોહી નીકળવા લાગેલ પછી આ લોકો ત્યાંથી જતા ઘરવાળાને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલ હતી. જે સબબની વિગતવાર ફરિયાદ ફરિયાદી દ્વારા વિંછીયા પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ હતી. જેથી આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ અને તેઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય કોર્ટ સમક્ષ ચાર્જશીટ ફાઈલ કરેલ હતું. જે કેસ ચાલી જતા મુળ ફરીયાદી વિલાસબેન પ્રકાસભાઈ કિહલા વતી રોકાયેલ એડવોકેટ દ્વારા લેખીત દલીલ રજુ કરવામા આવેલ હતી તેમજ સરકાર તરફે સરકારી વકિલ દ્વારા પણ ફરીયાદ પક્ષ તરફે દલીલો કરવામાં આવેલ હતી અને ફરીયાદ પક્ષનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈને કોર્ટે આરોપી કાળુભાઈ ભોજાભાઈ કિહલા તેમજ જયાબેન ઉર્ફે ધુનાબેન ભોજાભાઈ કિહલાને ગુનાના કામે તકસીરવાન ઠેરવી આરોપીને રૂ.૧૦૦૦ નો દંડ તેમજ પ્રત્યેક આરોપીને છ માસની સાદી કેદ તથા રૂ.૧૦૦૦ દંડ નો હુકમ ફરમાવેલ હતો અને જો આરોપી દંડ ન ભરે તો વધુ સાઈઠ દીવસની સાદી કેદનો હુકમ ફરમાવેલ હતો.

એડવોકેટ: રણજીતભાઈ પટગીર

આ કેસમાં મુળ ફરીયાદી વતી એડવોકેટ રણજીતભાઈ એમ.પટગીર, સાહિસ્તાબેન એસ.ખોખર, મીતેશ એચ. ચાનપુરા તેમજ પ્રહલાદસીંહ બી. ઝાલા રોકાયેલ હતા.

૧૮ જુલાઈ મંગળવાર અને પવિત્ર પુષ્ય નક્ષત્ર થી પુરૂષોત્તમ માસનો પ્રારંભ

અધિક શ્રાવણ સુદ એકમ ને મંગળવાર તા.૧૮.૭.૨૦૨૩ ના દિવસે આખો દિવસ-રાત્રી પુષ્ય નક્ષત્ર છે. પુષ્ય નક્ષત્રને પુજા, પાઠ, જપ, તપ માટે ઉતમ ફળ આપનાર ગણાય છે. આમ પુરૂષોત્તમ માસના પહેલા દિવસે જ પુષ્ય નક્ષત્ર હોય આ વર્ષે પુરૂષોત્તમ માસ ઉત્તમ ફળ આપનાર ગણાશે. પાછલો પુરૂષોત્તમ માસ ૨૦૨૦માં ૩૪ મહિના પહેલા અને આસો માસ તરીકે આવેલ અન શ્રાવણ માસ તરીકે પુરૂષોત્તમ માસ ૨૦૦૪માં ૧૯ વર્ષ પહેલા આવેલ આથી શ્રાવણ માસ તરીકે પુરૂષોત્તમ માસનો લાભ આસરે ૧૯ વર્ષ પછી મળશે.

પુરૂષોત્તમ માસનુ ગણીત અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે ૩૬૫ દિવસ અને ૬ કલાકનું એક વર્ષ થાય છે. જયારે આપણા હિન્દુ શ્રેષ્ટ પંચાગ પ્રમાણે ૩૫૪ દિવસનું એક વર્ષ થયા છે. આમમ ૧૧ દિવસનોગેપ રહે છે. આથી આપણા પંચાંગ પ્રમાણે દર ત્રણ વર્ષ પુરૂષોત્તમ માસ આવે છે.

બધા જ વાર મહિના ના દેવતાઓ સ્વામિ તરીકે છે પરંતુ અધિક માસના સ્વામિ કોઈ હતા નહીં આથી ભગવાન વિષ્ણુ પોતે અધિક માસના સ્વામિ બને છે અને પોતાનું નામ પુરૂષોત્તમ આપે છે. પોતાના બધાજ ગુણો અને ફળ આ અધિક મહિનાને આપે છે અને ભગવાન વિષ્ણુ પોતે કહે છે. પુરૂષોત્તમ માસ દરમ્યાન હું પોતે પૃથ્વી ઉપર રહીશ અને ભકતોની પીડા દુર કરીશ.

પુરૂષોત્તમ માસ દરમ્યાન લગ્ન, જનોઈ, વાસ્તું જેવા શુભકાર્યો થતા નથી પરંતુ આ મહિના દરમ્યાન ભગવાનની પુજા - પાઠ, જપ, ભકિત, દાન અનંત ગણુ ફળ આપનાર બને છે. પુરૂષોત્તમ માસમાં મંડળપુરવુ, સાત ધાન્યના સાથીયા કરી પુજાકરાવી ઘડાનું દાન સંપુટ દાન ધાન્ય દાન વસ્ત્ર અલંકારનું દાન, સત્યનારાયણ ભગવાનનીકથા. પુરૂષોત્તમ માસનો કથા, ભાગવન કથા, ભકિત કિર્તન બહુજ શુભ તથા તુરંત ફળ આપનાર બને છે.

પુરૂષોત્તમ માસ દરમ્યાન જીવનની કોઈ પણ મુસીબતના નિવારણ માટે આખા મહિના દરમ્યાન શ્રીકૃષ્ણ ભગવાનની છબી રાખી દિવો અગરબતી કરી અને ત્યારબાદ શ્રીકૃષ્ણ શરણમમ.. મંત્રના જપ આખો અધિક માસ દરમ્યાન કરવાથી મુસીબત દુર થાય છે તે ઉપરાંત માનશીક અને શારીરીક બીમારી માટે નમો ભગવતે વાસુદેવાય મંત્રના જપ કરવાથી જીવનમાં રાહત મળશે. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે મારૂ શરણુ લેવાથી જીવનમાં જરૂર રાહત મળશે. આમ પુરૂષોત્તમ મહિના દરમ્યાન કરેલી ભકિત અને કથા શ્રવણ તુરંત લાભ આપે છે. આખા પુરૂષોત્તમ માસ દરમ્યાન ઉપવાસ અથવા તો એકટાણા રહેવા જોઈએ. પુરૂષોત્તમ માસની શરૂઆત તા.૧૮-૭-૨૦૨૩ મંગળવારથી પુર્ણાહુતી તા.૧૬.૮.૨૦૨૩ બુધવારે તથા નિજ શ્રાવણ માસની શરૂઆત તા.૧૭.૮.૨૦૨૩ને ગુરૂવારે અને પૂર્ણાહુતી ૧૫.૯.૨૩

૨૦૨૩ને શુકવારે થશે. પુરૂષોત્તમ માસમાં આવનાર શુભ ઉત્તમ દિવસોની યાદી (દાન પુણ્ય જપ, તપ માટે)

(૧) વ્યતિપાત યોગ : તા.૨૦-૭-૨૦૨૩ ગુરૂવારે સવારે ૧૧:૨૨ થી તા.૨૧-૭-૨૦૨૩ શુક્રવારે બપોરે ૧૨:૨૪ સુધી (૨) કમલા એકાદસી તા.૨૯-૭-૨૦૨૩ શનિવારે

(૩) વૈધૃતિયોગ : તા.૩૦-૭-૨૦૨૩ રવિવારે સુર્યોદયથી રાત્રીના ૩ વાગ્યા સુધી

(૪) પુનમ : તા.૧-૮-૨૦૨૩ને મંગળવાર,

(૫) બુધવાર અને સિધ્ધીયોગ : વિષ્ણુ ભગવાનનો વાર બુધવાર ગણાતો હોવાથી તા.૯-૮-૨૦૨૩ને બુધવારે સુર્યોદયથી રાત્રીના ૨ વાગ્યા સુધી દન પુણ્ય, પુજા, પાઠ માટે દિવસ શુભ છે,

(૬) કમલા એકાદશી તા.૧૨-૮-૨૦૨૩ને શનિવાર,

(૭) વ્યતિપાત યોગ : તા. ૧૪-૮-૨૦૨૩ સોમવારે બપોરે ૪:૪૦થી તા.૧૫-૮-૨૦૨૩ મંગળવારે સાંજે ૫:૩૨ સુધી

(૮) બુધવારી અમાસ : તા.૧૬-૮-૨૦૨૩ બુધવારે પુરૂષોત્તમ માસની પુર્ણાહુતી.

પુરૂષોત્તમ માસ તથા નીજ શ્રાવણ માસ આ બન્ને શ્રાવણ માસના સોમવારે પણ શિવપુજા પણ કરી શકાય છે. અધિક માસના સોમવારની યાદી

(૧) સોમવાર તા.૨૪/૭/૨૦૨૩
(૨) સોમવાર તા.૩૧/૭/૨૦૨૩ (૩) સોમવાર તા.૭/૮/૨૦૨૩
(૪) સોમવાર તા.૧૪/૮/૨૦૨૩

નિજ શ્રાવણ માસના સોમવારની યાદી
(૧) સોમવાર તા.૨૧/૮/૨૦૨૩
(૨) સોમવાર તા.૨૮/૮૨૦૨૩
(૩) સોમવાર તા.૪/૮/૨૦૨૩
(૪) સોમવાર તા.૧૧/૮/૨૦૨૩

શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

વાસ્તુ શાસ્ત્ર દ્વારા સુખ, સમૃદ્ધિ અને સ્વાસ્થ્યના કયાં છે સરળ ઉપાયો ? જાણો

હિરેનભાઈ ભટ્ટ (વાસ્તુ કન્સલટન્ટ) અને નરેન્દ્રભાઈ નથવાણીએ સૌરાષ્ટ્રકાંતી કાર્યાલયની મુલાકાત લીધી

'સૌરાષ્ટ્ર ક્રાંતી' કાર્યાલયની મુલાકાતે આવેલા વાસ્તુ કન્સલન્ટન્ટ હિરેનભાઈ જોશી, કુશલભાઈ મહેતા, નરેન્દ્રભાઈ નથવાણી તસવીરમાં નજરે પડે છે.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

વાસ્તુ કન્સલ્ટન્ટ હિરેનભાઈ ભટ્ટ અને નરેન્દ્રભાઈ નથવાણીએ સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલયની રૂબરૂ મુલાકાત લીધી હતી. વાસ્તુશાસ્ત્રી હિરેનભાઈ જોશીએ જણાવ્યું હતું કે, વાસ્તુ શાસ્ત્ર ભારતીય સંસ્કૃતિ અને સનાતન હિન્દુ ધર્મમાં એવું માનવામાં આવે છે કે, આ શરીર પંચતત્વોથી બનેલું છે. (જળ, અગ્નિ, પૃથ્વી, વાયુ, આકાશ) આજ પ્રમાણે આપણું બ્રહ્માંડ પણ પંચતત્વોથી જ આંદોલીત થાય છે. જયારે ઘર કે ઓફીસ અથવા ફેક્ટરીમાં આ પાંચ તત્વોનું બેલેન્સ બગડે છે ત્યારે જીવનમાં તેને લગતા જ પ્રશ્નો ઉદ્ભવે છે. આ વાતને વધુ સારી રીતે અને સરળ શબ્દોમાં કહીએ તો આગ અને પાણી ભેગા કયારેય રહી શકે નહીં.

આ રીતે આ પંચતત્વો એક બીજાના કોની સાથે મિત્ર અને કોની સાથે શત્રુ બને છે તેને સમજવાનું આ વિજ્ઞાન છે. માનવ જીવનમાં ઘટના શું બને એ મહત્વનું નથી પણ એ ઘટના બનવા પાછળનું પંચતત્વોનું બેલેન્સ કે ઈન બેલેન્સ શું થયું છે તે અતિ મહત્વનું હોય છે. મનુષ્ય જીવનમાં સામાન્ય રીતે મુખ્ય પાંચ પ્રકારની જ સમસ્યાઓ હોય છે, જેને આપણે વાસ્તુશાસ્ત્ર અને પંચતત્વો દ્વારા સમજીએ.

(૧) હેલ્થ : શરીર તંદુરસ્ત ન હોય તો બધી તકલીફો રહે. શરીર તંદુરસ્ત હોય તો મન તંદુરસ્ત રહે અને મન તંદુરસ્ત તો જીવન તંદુરસ્ત થાય. આથી સારી હેલ્થ જરૂરી છે. જેમાં નોર્થ અને ઈસ્ટની વચ્ચે રસોડું , ટોયલેટ અથવા કપાયેલો ભાગ હશે તો એ ઘરમાં રહેનારને કેન્સર સુધીના રોગ થઈ શકે છે. હેલ્થના પ્રશ્નો હોય તો ઘરની ઉત્તર-પૂર્વ દીશા ચેક કરો અને તેનું નિવારણ કરીને સુખમય તંદુરસ્ત જીવન પ્રાપ્ત કરો.

(૨) પૈસા : પૈસા જીવનનો અતિ મહત્વપૂર્ણ ભાગ છે, માનવ જીવનના અસ્તીત્વ સાથે પૈસા જોડાયેલ છે, પૈસામાં ટ્રાન્સફરમેશનની શકિત છે. પૈસા આગ સ્વરૂપ છે, જે ઘર, દુકાન, ઓફીસ કે ફેકટરીમાં અગ્નિખૂણા (સાઉથ ઈસ્ટ) માં પાણીનો બોર, અંડર ગ્રાઉન્ડ ટાંકો, અરીસો (મીર૨) બ્લ્યુ કે બ્લેક રંગ હશે તો પૈસા આવવામાં ખૂબ તકલીફ થાય, પૈસા ફસાઈ જાય, પૈસા બ્લોક થઈ જાય, કેશ લોસ કે બિઝનેસમાં મોટો લોસ આવે અથવા એકસીડન્ટ થાય કે ઘરના લેડીસને ગાયનેક પ્રોબ્લેમ થાય. આપના જીવનમાં પૈસા માટે જો આવી સમસ્યા આવતી હોય તો આપના પ્રિમાયસીસમાં ચેક કરો કે અગ્નિ (સાઉથ ઈસ્ટ) ખૂણામાં આવી વસ્તુઓ તો નથી ને અને હોય તો તેના ઉપાય કરીને પૈસા સંબંધી મુશ્કેલીઓ દૂર કરો.

(૩) સંબંધો : આપણા જીવનમાં સંબંધો અતિમહત્વપૂર્ણ છે કારણ કે એકલા કોઈ રહી જ ન શકે. ઘરના સભ્યો સાથે, વ્યાપારમાં કે નોકરીમાં અથવા પડોશીઓ સાથે સારા સંબંધો પણ એક મૂડી છે. સંબંધો માટે વાસ્તુશાસ્ત્રમાં નૈત્રૂત્ય (સાઉથ વેસ્ટ) ખૂણો જોવામાં આવે છે, ત્યાં ગ્રીન કલર, અરીસો, પાણીનો બોર કે અંડર ગ્રાઉન્ડ ટાંકો, ઝાડપાન, બ્લ્યુ કલર, બ્લેક કલર હશે તો સંબંધો ખરાબ કરશે જ અને ઘણીવાર છૂટાછેડાની પરિસ્થિતિ પણ બને છે. વેપારમાં કે નોકરીમાં ખરાબ સંબંધો થવાથી આર્થિક નુકશાન ભોગવવું પડે છે. ખરાબ સંબંધોની અસર બધે જ પડે છે. નવા માંગલીક સંબંધો પણ બનવામાં તકલીફ પડે અને તેની અસર લગ્ન યોગ્ય થયેલા ઘરના સભ્યોના લગ્ન કરવામાં પડે છે. નૈત્રૂત્ય ખૂણાના દોષ સરખા કરવાથી સંબંધો ગાઢ અને મેઈડ ફોર ઈચ અધર બને છે.

(૪) બિઝનેશ :- બિઝનેશમાં સ્ટાફ, સ્કીલબેસ સ્ટાફ, બેંક, વેપારીઓ, મશીનરી આ બધાનો સપોર્ટ મળે તો જ બિઝનેશમાં અણધારી સફળતાએ મળે છે. આથી આ બધાનો સપોર્ટ ખૂબ જ જરૂરી છે. વાસ્તુશાસ્ત્રમાં સપોર્ટ માટે નોર્થ વેસ્ટ (વાયવ્ય) ખૂણાને જોવામાં આવે છે. વાયવ્ય ખૂણામાં રસોડુ, ટોયલેટ, પેન્ટ્રી, આગની ભઠ્ઠી (ફેકટરીમાં) અથવા લાલ રંગ કે પીળો રંગ હોય તો જોઈ એવો સપોર્ટ ન મળે અને ખોટા કોર્ટ કેસ પણ બનતા હોય છે. વાયવ્ય ખૂણામાં દોષ દૂર કરવાથી સપોર્ટ સારો મળે અને સપોર્ટ મળવાથી બિઝનેસને નવા લેવલ સુધી લઈ જઈ શકવામાં સરળતા રહે છે.

(૫) પ્રગતિ : આજે હું જે જગ્યાએ છું ત્યાંથી આવતીકાલે એક ડગલું આગળ વધુ આ પ્રયાસ અને આ વિચાર પ્રત્યેક માનવીનો હોય છે. પ્રગતિ માટેના બધા પ્રયત્નો કરવા છતાં પણ સંતોષકારક પ્રગતિ ન થતી હોય તો પશ્ચિમ (વેસ્ટ) દીશામાં લીલો કલર, ટોયલેટ, લાલ કલર, અગ્નિ, રસોડુ હોય તો પ્રગતિમાં અવશ્ય અવરોધ આવે છે. પ્રગતિ માટે પશ્ચિમ દીશાના દોષ કરીને આગળ વધવામાં મદદરૂપ થાય છે.

માનવ જીવનના આ પાંચ મહાપ્રશ્નોના પાંચ તત્વોના ઈન બેલેન્સને લીધે બનતા હોય છે જેને પંચતત્વોના બેલેન્સ દ્વારા ઉપાય કરવામાં આવે છે અને તેનાથી મનચાહા પરીણામો મેળવી શકાય છે.

(૬) ગ્રાફોલોજી :- માનવ જીવનના અંતર મનમાં રહેલી વાતો, ભાવનાઓ ને કોઈપણ જગ્યાએથી જોઈ શકતા નથી અને માપી પણ શકતા નથી. આથી અંતરમન (સબકોન્સીયસ કે અનકોન્સીયસ માઈન્ડ) માટે માનવીની બોલચાલ, રીતભાત (એટીટયુડ) અને લખાણ (ગ્રાફોલોજી) દ્વારા સબકોન્સીયસ માઈન્ડનું રીડીંગ થઈ શકે છે.

દુનિયાભરમાં આપઘાત કરનારના સ્યુસાઈડનોટનું ડેટા એનાલીસીસ કરવામાં આવેલ તેમાં એક વાત કોમન હતી કે તેઓ (આપઘાત કરનાર) લખાણ એટલું ભારપૂર્વક લખતા હોય કે લખાણને લીધે પાનુ ફાટી ગયું હોય કે પાછળ છપાય ગયું હોય કારણ કે મગજ અને અંતરમન અનકોન્સીયસનો ભાર લખાણમાં વ્યકત થતો હોય છે.

દરેક લેગ્વેજમાં દરેક અક્ષરની એક ઈમેજ અને ઈફેકટ છે તેને અંતરમનમાં કેવી રીતે લેવામાં આવે છે તેનું એનાલીસીસ સીગ્નેચર દ્વારા કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે કોઈની સીગ્નેચરમાં આવી રીતે રાઉન્ડ કરીને પહેલો અક્ષર લખતા હોય તો એ માણસ પોતાના ચક્રવ્યૂહમાં જ ફસાયેલો રહે છે અને એકસપ્રેસીવ થઈ શકતા નથી, પ્રોગ્રેસ અટકી જાય છે. આવી રીતે લખાણ અને સીગ્નેચરનું અધ્યયન કરીને જીવન ઉપયોગી માર્ગદર્શન આપીએ છીએ.

- ફેકટરીમાં આવતા પ્રશ્નો :-

આપનું પેમેન્ટ ફસાયેલું રહે છે? કેસ ફલો અને પેમેન્ટનું સાયકલ બરાબર ચાલતું નથી? ઓર્ડર જોઈ એવા અને પુરતી માત્રામાં નથી મળતા ? ઓર્ડર તો પૂરતા મળે છે પણ પ્રોડકશન પુરૂ નથી નીકળતું? મશીન વારંવાર ખરાબ થાય કે પછી મશીન પ્રોડકશન પુરૂ બનાવી નથી શકતું? એકસપર્ટ કારીગરો મળતા નથી કે પછી મળે તો એ ટકતા નથી ? બેંકનો સપોર્ટ જોઈએ એવો નથી મળતો ? ગવર્મેન્ટ ડિપાર્ટમેન્ટનો સપોર્ટ પૂરતો નથી મળતો ? વેપારીઓનો પુરો સપોર્ટ નથી મળતો ? આપડે બીજાને જોબવર્ક આપીએ છીએ એ ટાઈમે માલ તૈયાર કરીને નથી આપતાં ?

રો-મટીરીયલ સપ્લાયની ચેઈન બરાબર નથી ચાલતી ? આપની પ્રોડકટ સારામાં સારી કવોલીટીની છે છતાં પણ તેનું બ્રાન્ડ નેમ નથી બનતું? વાસ્તુમાં કોઈ તોડ ફોડ વિના ઉપાય કરવામાં આવશે.. (ઈશાનમા ટોયલેટ હશે તો જ તોડ ફોડ આવશે) વેપાર ઉદ્યોગમાં આવા જટીલ પ્રશ્નોના વાસ્તુ શાસ્ત્ર, ગ્રાફોલોજી (સિગ્નેચર એનાલીસીસ) અને ભગવત ગીતાજીના આધારે સરળ, સચોટ અને પરિણામ આપનાર ઉપાયો જાણવા હીરેનભાઈ ભટ્ટ (વાસ્તુ કન્સલટન્ટ) રાજકોટ, મુંબઈ, દુબઈ મો. નં. ૯૮૭૯૬ ૪૪૪૨૧ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

સંભારણા

ગણતરી

ગણતરીમાં આપણે હંમેશાથી જ કાચા છીએ.. રસ્તા પર ૧૦૦ રૂપિયામાં એક ડઝન રૂમાલ વેચનારને કહીએ છીએ 'મહેંગા હૈ, ૮૦ રૂપયે મેં દોગે ક્યા?' અને અહીંથી આગળ આપણે મોલમાં શોપિંગ માટે પહોંચી જઈએ છીએ. જ્યા ચકાચક રોશનીથી ઝળહળતા શો રૂમમાં લગાડેલો ૨૫૦૦ નો ડ્રેસ જરૂર ન હોવા છતા, બહુ ગમી ગયો છે માટે,પાછું ભાવતાલ ન થતા હોવા છતાં ખરીદીએ છીએ. કેમ કે આપણે ગણતરીમાં હંમેશાથી જ કાચા છીએ..

મંદિરની બહાર બેસેલા આંધળા લૂલા લંગડા ને આપણે ૫ ના ૧૦ આપવામાં વિચાર કરીએ છીએ પણ ભગવાનને જે માત્ર ભાવનો ભૂખ્યો છે પણ આપણું માંગ્યુ મળે માટે બહારની દુકાનમાંથી તાત્કાલિક ૧૦૦-૧૫૦ નો હાર ખરીદીને ચઢાવીએ છીએ કેમ કે ગણતરીમાં આપણે..

ઘરમાં કીટી પાર્ટી રાખી હોય ત્યારે બહેનપણીઓને આગ્રહ કરી કરીને બધી આઈટમ પીરસીએ છીએ પણ જેના લીધે નિશ્ચિત થઈને કિટ્ટીમાં મહાલીએ છીએ તે બાઈના છોકરાઓને વધ ઘટ પ્રમાણે ભરીને આપી, બહુ મોટું કામ કર્યું એમ વિચારીએ છીએ કેમ કે ગણતરીમાં આપણે..

આઠ દસ દિવસ માટે બહારગામ ફરવા જવું હોય તો જરૂર વગર શોપિંગમાં નીકળી પડીએ છીએ અને બે નું વિચારીને ચાર ડ્રેસ ઉપાડીને લાવીએ છીએ પણ નવા કપડાં આવ્યા પછી જૂનામાંથી એકાદ કપડું કાઢીને કબાટનો ભાર ઓછો કરવાનો વિચાર સુધા ન આવે કેમ કે ગણતરીમાં આપણે..

હોટેલમાં જમવા જતા રસ્તામાં સિગ્નલ પર બારીનો કાચ ખખડાવીને સ્ટ્રોબેરી વેચવા આવેલા છોકરા સાથે આપણે ભાવતાલ કરીએ છીએ અને પછી હોટેલના બિલમાં વેટરના પગારનો સમાવેશ હોય છે એ જાણતા હોવા છતાં

લેખિકા: પુનમ –મુંબઈ.

ટોટલ બિલ પર ૮-૧૦% ટીપ તો આપવી જ પડે નહીં તો સારું ન લાગે કહીને ૨૦૦ રૂપિયાની ટીપ સહજતાથી દબાવીને આવીએ છીએ. ઉપરથી વેલેટ પાર્કિંગ વાળા ડ્રાઇવરને પણ એકાદ નાની મોટી નોટ પકડાવીને નીકળીએ છીએ કેમ કે ગણતરીમાં આપણે..

શૂઝની દુકાનમાં જઈને બ્રાન્ડેડ શૂઝ એટલે કે મોંઘા પગરખા ખુશી ખુશી ખરીદીએ છીએ પણ કોક વાર ટુટી ગયેલી ચંપલ સાંધવા જઈએ ત્યારે તે માંડ ૨૦-૨૫ રૂ. માંગતો હોય તો તેમા પણ આપણે ૫ રૂપિયા ઓછા કરવાનું કહીએ છીએ કેમ કે ગણતરીમાં આપણે..

વર્ષે એકવાર આપણે ઘરનું રંગકામ કાઢીએ છીએ. લગભગ ૧૦ થી ૧૫ દિવસ તે ચાલે છે. વેલવેટ ટચ જેવો પેન્ટ જોઈએ માટે આપણે હજારો રૂપિયા ખર્ચીએ છીએ પણ સવારથી લઈને સાંજ સુધી મજૂરી કામ કરતા માણસોને છેલ્લા દિવસે ટોટલ હિસાબ પર ખુશીથી ૫૦૦ વધારે આપવાનું આપણાથી વિસરાઈ જાય છે કેમકે ગણતરીમાં આપણે..

આમ આના પર વિચારશો તો અસંખ્ય દાખલા યાદ આવશે અને પછી તમને સમજાશે કે સાચે જ ગણતરીમાં આપણે હંમેશાથી જ કાચા છીએ..

રાજકોટ જિલ્લાનાં ૮ ડેમોમાં છેલ્લા ૨૪ કલાકમાં નવા નીરની આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

રાજકોટ જિલ્લાના આઠ ડેમોમાં વરસાદને લીધે નવા નીરની આવક થઇ છે.

છેલ્લા ૨૪ કલાકમાં છાપરવાડી-૧ ડેમમાં ૩.૨૮ ફૂટ, માલગઢ ડેમમાં ૧.૩૧ ફૂટ, આજી - ૨ ડેમમાં ૧.૨૧ ફૂટ, છાપરવાડી-૨ ડેમમાં ૦.૬૬ ફૂટ, ફોફળ ડેમમાં ૦.૫૯ ફૂટ, ભાદર ડેમમાં ૦.૫૬ ફૂટનો ઉંડાઈમાં વધારો નોંધાયો છે. તેમ રાજકોટ સિંચાઈ પુર વર્તુળ એકમની યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
–:શ્રધ્ધાંજલિની જાહેર ખબર:–
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦૩.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

શ્રી બોલબાલા ટ્રસ્ટ, BSNL ફેમીલી દ્વારા રવિવારે સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

શ્રી બોલબાલા ટ્રસ્ટ, BSNL ફેમીલી દ્વારા રવિવારે સંગીત સંધ્યા કાર્યક્રમનું આયોજન કરાયું છે. તા.૯ ના રોજ બપોરના ૩થી ૬ વાગ્યા દરમિયાન, મણિયાર હોલ, જયુબેલી બાગ પાસે યોજાનાર આ કાર્યક્રમમાં ઉદય વસાણીના એન્કરીંગ વચ્ચે નામી અનામી કલાકારો શ્રોતાઓને પોતપોતાની કુનેહ પીરસીને ડોલાવશે. સંસ્થાના સર્વેસર્વા જયેશ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર સંગીત સંધ્યા કાર્યક્રમમાં સંજયભાઈ ઝાલા, અમિતભાઈ કટેશીયા, જીજ્ઞેશભાઈ રાજપરા, નીરવભાઈ વાઘેલા, સુભાષભાઈ ઝાલા, કિરણબેન ઝાલા, કુલદીપ ગઢવી, અમૃત ટુંડિયા અને મહેમાન સિંગર વિગેરે કલાકારો કર્ણપ્રિય ગીતોની ધૂમ મચાવશે.

રાજકોટ જિલ્લામાં ૯ જુલાઈ સુધી વાદળછાયું અને વરસાદી વાતાવરણ રહેવાની સંભાવના

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૭: રાજકોટ જિલ્લામાં ૯ જુલાઇ દરમિયાન હુફાળું,ભેજવાળું, વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૭ થી ૯ જુલાઈ દરમ્યાન છૂટાછવાયા વિસ્તારમાં મધ્યમથી ભારે વરસાદ થવાની શક્યતા છે. આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨ થી ૩૬ ડિગ્રી સેલ્સીયસ અને રાત્રિ દરમિયાન લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૭ ડિગ્રી સેલ્સીયસ તેમજ લઘુત્તમ ભેજનું પ્રમાણ ૪૮ થી ૫૬ ટકા અને મહત્તમ ભેજનું પ્રમાણ ૭૬ થી ૮૧ ટકા રહેવાની સંભાવના છે. પવનની દિશા પશ્ચિમની અને નેઋત્યની રહેવાની ઝાટકા સાથે પવનની ઝડપ ૧૭ થી ૨૨ કી.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. તેમ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, તરઘડિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને

નારી સંરક્ષણ ગૃહ રાજકોટ વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭

જિલ્લા કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને નારી સંરક્ષણ ગૃહ રાજકોટ વ્યવસ્થાપન સમિતિની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી અવનીબેન દવે દ્વારા સદર યોજના અંતર્ગત કરવામાં આવેલ કામગીરીની વિગત પૂરી પાડવામાં આવી હતી. જેની કલેકટર દ્વારા સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ આશ્રિત બહેનોના સર્વાંગી વિકાસ થાય તેવી કામગીરી હાથ ધરવા માટે ઉપસ્થિત અધિકારીઓને કામગીરી કરવા જણાવ્યું હતું.

આ તકે કલેકટરએ નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી. આશ્રિત બહેનો સાથે સીધો સંવાદ કરીને તેમને સાંભળ્યા હતા. તેમજ ઉપસ્થિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને સૂચનો પૂરા પડયા હતા.

આ બેઠકમાં સિવિલ હોસ્પિટલ, સમાજ સુરક્ષા વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ વિભાગ અને રોજગાર વિભાગ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાણીઉદ્યાન ખાતે નિ:શુલ્ક પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૭: રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પ્રાણીઉદ્યાનનો સેન્ટ્રલ ઝૂ ઓથોરેટી ઓફ ઇન્ડીયાના માર્ગદર્શન મુજબ આધુનિક ઢબે વિકાસ કરાતા રાજકોટ ઝૂ હાલ સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે ફરવા માટેનું ખુબજ ઉત્તમ સ્થળ બની ગયેલ છે. જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ પાર્કની મુલાકાતે પધારતા હોય છે. દર વર્ષે અંદાજિત ૭.૫૦ લાખ મુલાકાતીઓ ઝૂની મુલાકાતે પધારતા હોય છે. ઉનાળુ વેકેશનના મે માસ દરમિયાન અંદાજિત ૭૪,૦૦૦ મુલાકાતીઓએ પાર્કની મુલાકાત લીધેલ છે. વન્યપ્રાણી વિનીમય યોજના હેઠળ રાજકોટ ઝૂ દ્વારા ભારતના અન્ય ઝૂ પાસેથી જુદી જુદી પ્રજાતિઓના પ્રાણી-પક્ષીઓ મેળવી ઝૂનો વિકાસ કરવામાં આવે છે. રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે નિંશુલ્ક પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજવામાં આવી હતી. તેમ મેયર ડો. પ્રદિપ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઇ પટેલ, મ્યુનિ. કમિશનર આનંદ પટેલ, બાગ બગીચા અને ઝૂ કમિટીના ચેરમેન અનિતાબેન ગોસ્વામીએ જણાવ્યું હતું.

રાજકોટ ડિવિઝનમાંથી ચાલતી ઓખા-મદુરાઈ વચ્ચેની સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને વધારાના સ્ટોપેજ અપાયા

રાજકોટ.તા.૭

પશ્ચિમ રેલવે દ્વારા સતત મુસાફરોની સુવિધામાં વધારો કરવા માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવા જ વધુ એક પ્રયાસ હેઠળ રાજકોટ ડિવિઝનમાંથી ચાલતી ઓખા-મદુરાઈ વચ્ચે ચાલતી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનને કેટલાક સ્ટેશનો પર વધારાના સ્ટોપેજ આપવામાં આવ્યા છે. જેનાથી અનેક મુસાફરોને મોટો લાભ મળશે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૦૯૫૨૦/૦૯૫૧૯ ઓખા-મદુરાઈ-ઓખા સ્પેશિયલ પૂર્વ-ઘોષિત સ્ટોપેજ ઉપરાંત બંને દિશામાં વાશીમ, હિંગોલી, મુદખેડ, બસર, કામરેડ્ડી, મેડચલ, મલકાજગીરી, શાદનગર, વાનપૂર્તિ રોડ, ગડવાલ, કુર્નૂલ સિટી, તાડપત્રી, યેરાગુંટલા અને કડપાહ

સ્ટેશનો પર પણ સ્ટોપેજ આપવામાં આવ્યા છે. આ વધારાના સ્ટોપેજને કારણે ટ્રૂ પર આવતા કેટલાક સ્ટેશનોના સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સેકન્ડ સ્લીપર ઉપરાંત જનરલ કોચ પણ હશે. ત્યારે ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરોએ www.enquiry.indianrail.gov.inની મુલાકાત લેવા જણાવાયું છે.

ઓખા–મદુરાઈ વીકલી સ્પેશિયલ ટ્રેન (૪–૪ ટ્રીપ્સ)

ટ્રેન નંબર ૦૯૫૨૦ ઓખા-મદુરાઈ સ્પેશિયલ સોમવારે ૨૨.૦૦ કલાકે ઓખાથી ઉપડશે અને ગુરુવારે ૧૧.૪૫ કલાકે મદુરાઈ પહોંચશે. આ ટ્રેન ૧૦મી જુલાઈથી ૩૧મી જુલાઈ, ૨૦૨૩ દરમિયાન દોડશે. વળતી દિશામાં ટ્રેન નંબર ૦૯૫૧૯ મદુરાઈ-ઓખા સ્પેશિયલ શુક્રવારે ૦૧.૧૫ કલાકે મદુરાઈથી ઉપડશે અને રવિવારે ૧૦.૨૦ કલાકે ઓખા પહોંચશે. આ ટ્રેન ૧૪મી જુલાઈથી ૪મી ઓગસ્ટ, ૨૦૨૩ દરમિયાન દોડશે.

સ્ટોપેજ આપવામાં આવેલા સ્ટેશનો

આ ટ્રેન બંને દિશામાં દ્વારકા, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નંદુરબાર, અમલનેર, જલગાંવ, ભુસાવલ, અકોલા, વાશીમ, હિંગોલી, પૂર્ણા, એચ સાહિબ નાંદેડ, મુદખેડ, બસર, નિઝામાબાદ, કામરેડ્ડી, મેડચલ, મલકાજગીરી, કાચીગુડા, શાદનગર, મહબૂબનગર, વાનપૂર્તિ રોડ, ગડવાલ, કુર્નૂલ સિટી, ધોને, ગૂટી, તાડપત્રી, યેરાગુંટલા, કડપાહ, રેનીગુંટા, કાટપડી, વેલ્લોર કેન્ટોનમેન્ટ, તિરુવન્નામલાઈ, વિલુપુરમ, શ્રીરંગમ, તિરુચીરાપલ્લી, મણાપ્પરાઈ, ડીંડીગુલ, કોડાઈકેનાલ રોડ અને કુડાલનગર સ્ટેશનો પર પણ સ્ટોપેજ અપાયા છે.

સરકાર દ્વારા જીઆર પ્રમાણે ખેડૂતોને પાક નુકશાનીનો વળતર આપવામાં આવશે

કચ્છમાં ૧૭ હજાર હેકટરમાં બાગાયતી પાક ધોવાયો

ખારેક, દાડમ, કેરી, કેળા, પપૈયા, સહિતના પાકોમાં મોટું નુકશાન : સરકારને રિપોર્ટ મોકલાયો

(એજન્સી સમાચાર
ગાંધીનગર, તા. ૭

બિપરજોય વાવાઝોડાના કારણે કચ્છમાં બાગાયતી પાકમાં ૧૭ હજાર હેકટરમાં બાગાયતી પાકમાં નુકસાન થયું છે. આ અંગે નો સર્વે રિપોર્ટ રાજ્ય સરકાર સમક્ષ પહોંચાડવામાં આવ્યો.

જિલ્લા બાગાયતી અધિકારી મનદીપ પાનસેરિયાના જણાવ્યા પ્રમાણે, બિપરોય વાવઝોડાના કારણે સૌથી વધુ નુકશાની ખેડૂતોને પહોંચ્યું છે અને બાગાયતી પાકોના મોટા પ્રમાણમાં નુકશાની સામે આવી છે.

સૌથી વધુ, ખારેક, દાડમ, કેરી, કેળા, પપૈયા સહિત પાકોમાં મોટા પ્રમાણમાં નુકશાની સામે આવી છે. ખારેક અને કેરીના ઝાડો જમીનદોસ્ત થઈ જતાં મોટા પ્રમાણમાં નુકશાની થઈ છે. કચ્છના બાગાયતી ખેતી વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડા પ્રમાણે ૧૭ હજાર હેકટરમાં બાગાયતી પાકોને નુકશાની થઈ છે. તમામ રિપોર્ટ સરકારમાં મૂકી દેવામાં આવ્યા છે.

બાગાયતી પાકોના સર્વે માટે જિલ્લામાં ૨૦૦ જેટલા અધિકારીઓની ટીમો બનાવામાં આવી હતી અને ખેડૂતોને ઝડપી સહાય મળી રહે તે માટે વહીવટી તંત્ર અને સરકાર દ્વારા ઝડપી સર્વે કરવામાં આવ્યું છે. તમામ રિપોર્ટ સરકાર સમક્ષ મૂકવામાં આવ્યા છે અને સરકાર દ્વારા જીઆર પ્રમાણે ખેડૂતોને પાક નુકશાનીનો વળતર આપવામાં આવશે.

કચ્છમાં પણ હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલી યાદી મુજબ આજથીજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ વરસતા પાણી વહી નીકળ્યાં હતાં. ગયા સપ્તાહે પડેલા વરસાદના થોડા દિવસ બાદ આજે ફરી ભુજ, મુન્દ્રા અને અંજાર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટા પડયા હતા. જેને લઇ અનેક સ્થળે જોશભેર પાણી વહેતા હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા. તો વાતાવરણમાં હાલ સખત ઉકળાટ અને ગરમીનો માહોલ વર્તાઈ રહ્યો છે.

ક્રાઈમ કોર્નર

રૂખડિયાપરામાં ચોરી કરનાર તસ્કર ઝડપાયો

રાજકોટ: શહેરના રૂખડિયાપરામાં છતના નળિયા ખસેડી ૨૬ હજારની ચોરી થયાની ફરિયાદ નોંધાતા પ્ર.નગર પીઆઈ એમ આર ગોંડલીયા અને ટીમે ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી હતી દરમિયાન સચોટ બાતમી આધારે ચોરીને અંજામ આપનાર રૂખડિયાપરા પાસે રહેતો સાદાન ઉર્ફે રાજીયો સમીરભાઈ ડોસાણીને દબોચી લઇ તેની પાસેથી પતરાના બે ખાલી ગલ્લા અને રોકડા ૪૯૦૦ કબજે કર્યા છે.

૫૪ બોટલ દારૂ મળ્યો

રાજકોટ: શહેરમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે આજી ડેમ પોલીસ મથકના પીએસઆઈ એ જે પરમાર સહિતના સ્ટાફે બાતમી આધારે રઘુવીર ટ્રેડીંગ નામના કારખાના પાછળ શીતળાધાર ૨૫ વારીયામાં દરોડો પાડી મકાનમાંથી ૨૭ હજારનો ૫૪ બોટલ દારૂ મળી આવતા કબજે કરી મનીષ પોપટભાઈ પરમાર સામે ગુનો નોંધી શોધખોળ હાથ ધરી છે.

ખોડીયારનગરમાં પરપ્રાંતીય યુવાનનો ફાસો ખાઈ આપઘાત

રાજકોટ : શહેરના ગોંડલ રોડ ઉપર આવેલ ખોડીયારનગરમાં કારખાનામાં કામ કરતા અને ઓરડીમાં રહેતા વિક્કીપ્રસાદ રામપ્રસાદ પાંડે ઉ.૧૯એ લોખંડની એંગલમાં લુંગી બાંધી ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા માલવિયાનગર પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

ટ્રાફિક પોલીસે ૧૩૫ એનસી કેસો કરી ૮૩ હજારનો દંડ વસુલ્યો

રાજકોટ: શહેરમાં વાહન અકસ્માતોના બનાવો અટકાવવા ટ્રાફિક એસીપી જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ બે સ્થળોએ ડ્રાઇવ યોજવામાં આવી હતી જે અંતર્ગત ૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તેમજ ૧૩૫ એનસી કેસો કરી ૮૩ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

કોન્ટ્રાકટરના મોતમાં બેદરકારી દાખવનાર ડેવલોપર્સ સામે ફરિયાદ

રાજકોટ : રાજકોટના તાલુકા પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા રમેશભાઈ ઘોઘાભાઈ ચૌહાણએ વૈભવી ડેવલોપર્સના જવાબદાર વ્યકિતઓ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત ૩૦ તારીખે સૂર્યદેવ સોસાયટીમાં રહેતા કોન્ટ્રાકટર ગીરીશભાઈ પરસોતમભાઈ મનાણી ઉ.૪૭નું સવારે લીફટ માટેની ખૂલ્લી જગ્યામાં ચોથા માળેથી પટકાતા મોત નીપજ્યું હતું મજુર કિરણાભાઈની પુછતાછ કરી ડેવલોપર્સ દ્વારા ખુલ્લી જગ્યામાં આડસ કે નેટની વ્યવસ્થા કરી ન હોય જેથી કોઈનું મૃત્યુ થાય તેમ નિશ્ચીત હોય ભાગીદારો સામે ફરિયાદ નોંધાવી હતી.

પરિણીતાને ત્રાસ આપનાર સાસરિયાઓ સામે ગુનો

રાજકોટ : નાનામવા રોડ પર લક્ષ્મીનગરમાં માવતરના ઘરે રહેતી મુળ અમદાવાદની શિતલબેન પ્રિયકાન્તભાઈ જાદવ નામની મહિલાને પતિ પ્રિયકાન્ત, સસરા મધુર કરશનભાઈ જાદવ, સાસુ અમીબેન અને નણંદ કોમલ સહિતનાઓ ઘરકામ બાબતે ત્રાસ આપતા હતા જ્યારે પતિ તું ગમતી નથી કહી ઘરેથી પહેરે કપડે કાઢી મૂક્યાની ફરિયાદ કરતા મહિલા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

શાપર–વેરાવળમાં દિયર–ભાભી પર હુમલો

રાજકોટ: શાપરમાં રહેતા સાગરભાઈ સામતભાઈ સાતકા નામના યુવાન રાત્રીના તેના ઘર પાસે હતો ત્યારે ધનજી ટોળીયા, અમરા ધ્રાંગીયા અને મસા ટોળીયાએ ધોકા, લાકડી અને ફરસી વડે તેના કૌટુંબિક ભાભી ભાવનાબેન પર હુમલો કરતા તેને સમજાવવા જતાં તેને પણ મારકૂટ કરતા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેના કૌટુંબિક ભાઈના પુત્રએ ધનજીભાઈની છોકરી સાથે પ્રેમલગ્ન કર્યા હોય જે બાબતે હુમલો કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

છાત્રનો આપઘાતનો પ્રયાસ

રાજકોટ : મવડી ચોકડી પાસે ધરમનગરમાં રહેતો અને આત્મીય કોલેજમાં બીસીએનો અભ્યાસ કરતો નિખીલ પ્રવિણભાઈ બોરીચાએ કોલેજ નજીક ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પોલીસે તપાસ કરતા તેને પરિક્ષામાં ઓછા માર્કસ આવતા નિરાશ છાત્રએ પગલુ ભરી લીધાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

મ્યુઝિક સિસ્ટમ ફિટ કરતી વેળાએ વીજશોક લાગતાં ૧૩ વર્ષના તરૂણનું કરૂણ મોત

જામનગરમાં આવેલા શંકર ટેકરી વિસ્તારમાં રજાનગરમાં રહેતા પરિવારનો ૧૩ વર્ષનો તરૂણ મ્યુઝિક સિસ્ટમ ફીટ કરતો હતો તે વખતે અકસ્માતે વિજશોક લાગતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. જેથી તરુણને ગંભીર હાલતમાં રાજકોટ સારવારમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેને પ્રાથમિક સારવારમાં દમ તોડતા પરિવારમાં આરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.વધુમાં પોલીસમાંથી મળેલ વિગત મુજબ જામનગરમાં શંકર ટેકરી વિસ્તારમાં આવેલા રજાનગરમાં રહેતા પરિવારનો અકમલ અલ્તાફભાઈ પાવ નામનો ૧૩ વર્ષનો તરૂણ પોતાના ઘરે મ્યુઝિક સિસ્ટમ ફીટ કરતો હતો ત્યારે કોઈ કારણોસર ઇલેક્ટ્રિક શોર્ટ લાગતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો. તરૂણને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તરૂણની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ તરૂણો હોસ્પિટલના બિછાને દમ તોડ્યો હતો.આ અંગે જાણ થતાં ગાંધીગ્રામ પોલીસ મથકના સ્ટાફે હોસ્પિટલ જઈ જરૂરી કાગળિયાઓ કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથધરી છે. માસુમ બાળકના આકસ્મિક મોતથી પરિવારમાં માતમ છવાયો છે.

મોટા મહિકાના યુવાને ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યોઃ સારવારમાં

ગોંડલ તાલુકાના મોટા મહિકા ગામે મનોજ હરેશભાઈ ખીમસુરીયા (ઉ.વ.૨૦) નામના યુવાને પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેવા પ્રયત્ન કર્યો હતો પણ તેને પરિવારના સભ્યો જોઈ જતા તુરંત સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે વિગત મળી છે કે, મનોજને ગઈકાલે રાત્રે રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. સિવિલ પોલીસ ચોકીના સ્ટાફે તેના પરિવારજનોની પુછપરછ કરતા જાણવા મળેલ કે, ગતરોજ સાંજે ૬ વાગ્યે કોઈ કારણોસર મનોજે પોતાના ઘરે જ ગળાફાંસો લગાવ્યો હતો પરંતુ પરિવારજનોએ જોઈ જતા તેને નીચે ઉતારી તુરંત ગોંડલની સરકારી હોસ્પિટલમાં ખસેડયો હતો. જ્યાંથી તબીબોની સલાહ મુજબ મનોજને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયો હતો. બનાવના પગલે ગોંડલ તાલુકાના પોલીસની રીબડા ચોકીના એએસઆઈ ભગીરથસિંહ જાડેજા અને હેડકોન્સ્ટેબલ વિજયભાઈ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી હતી.

આજીડેમ ચોકડી પાસે અજાણ્યાં વાહનની ઠોકરે કોટડાસાંગાણીના યુવકનું મોત

પત્ની ગર્ભવતી અને ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં આક્રંદ

રાજકોટ, તા.૭

આજીડેમ ચોકડી પાસે બે દિવસ પહેલા મળેલ અજાણ્યાં યુવકના મૃતદેહની ઓળખ થઈ હતી. જે કોટડાસાંગાળીના ભાડવા ગામનો સંજય સાડમિયા નામનો દેવીપુજક યુવક હોવાનું ખુલ્યું હતું.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત અનુસાર, ગઈ તા.૫ ના આજીડેમ ચોકડીથી આગળ એચ.પી.પેટ્રોલપંપ પાસેથી અજાણ્યાં વાહનની ઠોકરે ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

જ્યાં ફરજ પરના તબીબોએ યુવકને મૃત જાહેર કરતાં મૃતદેહને પીએમ અર્થે ખસેડી યુવકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરતાં યુવક કોટડાસાંગાળીના ભાડવા ગામનો અજયભાઈ અમુભાઈ સાડમિયા

ગોંડલ ચોકડી પાસે ટ્રેઈલર હડફેટે યુવકનું મોત

મૂળ ગીરગઢડાના વતની અને હાલ જામનગર તેના ફઈની ઘરે રહેતાં મિતેષકુમાર પ્રવીણચંદ્ર મહેતા (ઉ.વ.૨૪) ગઈકાલે બપોરે જામનગરથી રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે કામ માટે આવ્યો હતો. જ્યાંથી તે સાંજના ૭ વાગ્યાની આસપાસ પરત જામનગર આવવા બસ સ્ટેન્ડ તરફ આવતો હતો ત્યારે ગોંડલ ચોકડી પાસે પૂરપાટ ઝડપે પાછળથી આવેલા ટ્રેઈલરે હડફેટે લેતાં ફંગોળાઈને રોડ પર પટકાયો હતો. તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે જાણ થતાં આજી ડેમ પોલીસનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને ૧૦૮ને જાણ કરતાં ૧૦૮ની ટીમે આવી યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે મૃતકના સબંધીને જાણ કરતાં જામનગરથી તેનો પિતરાઈ દોડી આવ્યો હતો અને બાદમાં પોલીસે મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.

૬ દિવસ પહેલાં તરુણીના અપહરણનો ભેદ ઉકેલાયોઃ કાલાવડ પંથકમાંથી બેની ધરપકડ

રાજકોટ.તા.૭

શહેરના કિસાનપરા પાસેથી પસાર થતી રેલવે ટ્રેક પાસેથી ૨૬ દિવસ પહેલાં તરુણીના અપહરણનો ભેદ પોલીસે કુનેહપૂર્વક ઉકેલી અપહૃત તરુણીને તેના પ્રેમી સાથે ઝડપી લીધા છે. રેલવે ટ્રેક પાસે પરિવાર સાથે રહી રમકડાં, ફુગ્ગા વેચીને ગુજરાન ચલાવતી વિધવાની ૧૩ વર્ષની પુત્રી ગત તા.૯ના રોજ ભેદી રીતે લાપતા થઇ હતી.

આ અંગે અપહરણની ફરિયાદ નોંધાવી હતી. પીઆઇ એમ.જી.વસાવાના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ જે.જી.જોજાએ તપાસ શરૂ કરી બનાવ સ્થળ આસપાસના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. એક સીસીટીવી કેમેરામાં તરુણી અને એક શખ્સ જોવા મળ્યો હતો. આ સમયે કામે લગાડાયેલા બાતમીદાર દ્વારા એક શંકાસ્પદ નંબર આપવામાં

આવતા પોલીસે તે નંબર પર તપાસ હાથ ધરી હતી.

પોલીસને મળેલો નંબર અચાનક ચાલુ થઇ જતા અને તેનું લોકેશન મળતા તુરંત પીએસઆઇ જોજા સહિતની ટીમ કાલાવડ તાલુકાના ખંઢેરા ગામે પહોંચ્યા હતા. જ્યાંનું પોલીસને લોકેશન મળ્યું તે ખંઢેરા ગામની સીમનો અવાવરું વિસ્તાર હોવાથી તેમજ વરસાદને કારણે તે વિસ્તાર કાદવકીચડ વાળો થઇ ગયો હતો. તેમ છતાં પોલીસે ત્રણેક કિલોમીટર જેટલું અંતર પગપાળા કરી એક ઝૂંપડાં પાસે પહોંચ્યા હતા. જ્યાંથી તરુણી મળી આવી હતી. જોકે, તે સમયે તરુણીએ પોલીસને અવળે માર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો.

બાદમાં તેને મૂળ વીરપુરનો ઉમેશ ભવાન વાઘેલા ભગાડી લાવ્યાનું જણાવ્યું હતું. બાદમાં અવાવરું સ્થળે ઝાડીમાં સંતાયેલો ઉમેશ ભાગવા જતા પોલીસે પીછો કરી દબોચી લીધો હતો અને બંનેને રાજકોટ લઇ અવાયા હતા. ઉમેશની પૂછપરછ કરતા તે બનાવના ચાર દિવસ પહેલા વીરપુરથી રાજકોટ આવ્યો હતો. ત્યારે તરુણીને લગ્નની લાલચ આપી ભગાડી ગયાનું અને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યાની કબૂલાત આપતા પોલીસે પોક્સોની કલમનો ઉમેરો કરી ઉમેશ વાઘેલાની ધરપકડ કરી છે.

૪૨૦૦ બોટલ મળી ૩.૪.૨૦ લાખની કિંમતની નશાયુક્ત સીરપનો જથ્થો કબજે

બંધ ડેલાના તાળાં તોડી નશાયુક્ત સીરપ સંતાડવાનું કારસ્તાન, ૧૬૭ પેટી માલ જપ્ત

રાજકોટ.તા.,૭

આયુર્વેદિક સીરપના ઓઠા તળે નશાયુક્ત પીણાનો લાખો રૂપિયાનો જથ્થો પોલીસે તાજેતરમાં જ પકડી પાડ્યો હતો. રાજકોટ શહેર અને જિલ્લામાંથી સીરપનો જથ્થો પકડાવવાનો સિલસિલો શરૂ થતા નશાયુક્ત પીણાના જથ્થાને અસામાજિક તત્વો સગેવગે કરવા લાગ્યા છે. ત્યારે અસામાજિક તત્વોએ પોલીસથી બચવા નશાયુક્ત સીરપનો જથ્થો સંતાડવા માટે બંધ ડેલાના તાળાં તોડી કારસ્તાન આચર્યું હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

રૈયા ગામમાં રહેતા રેશમાબેન વસીમભાઇ ઠેબા નામની મહિલાના ભાણેજે ગુરૂવારે ફોન કરી લાખાજીરાજ સોસાયટીમાં આવેલા તમારા ત્રણ વર્ષથી બંધ ડેલાના તાળાં તૂટ્યા હોવાની જાણ કરી હતી. જેથી રેશમાબેન તુરંત દૂધસાગર રોડ, લાખાજીરાજ સોસાયટીમાં આવેલા તેમના ડેલે પહોંચ્યા હતા. તપાસ કરતા ડેલાના તાળાં તૂટેલા અને અંદરથી શંકાસ્પદ પેટીઓ જોવા મળી હતી. જેથી રેશમાબેને તુરંત થોરાળા પોલીસ મથકના પીઆઇ એલ.કે. જેઠવાને જાણ કરી હતી.

તાળાં તોડી બંધ ડેલામાં શંકાસ્પદ પેટીઓ કોઇ મૂકી ગયાની જાણ થતાની સાથે જ થોરાળા પોલીસનો સ્ટાફ તુરંત બનાવ સ્થળે દોડી ગયો હતો. પોલીસે તપાસ કરતા ડેલામાંથી કુલ ૧૬૭ પેટી મળી આવી હતી. પેટીમાં તપાસ કરતા અંદરથી ગીતાંજલિ હર્બલ આયુર્વેદિક સીરપ લખેલી બોટલ મળી આવી હતી. પોલીસે ગણતરી કરતા કુલ ૪૨૦૦ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૪.૨૦ લાખની કિંમતની નશાયુક્ત સીરપનો જથ્થો કબજે કરી એફએસએલને જાણ કરી છે. બંધ ડેલાના તાળાં તોડી નશાયુક્ત સીરપનો જથ્થો કોણ મૂકી ગયું તે જાણવા પોલીસે સીસીટીવી કેમેરા તપાસવાની તજવીજ હાથ ધરી છે. તાજેતરમાં જ ક્રાઇમ બ્રાંચ તેમજ શાપર પોલીસે પકડેલા નશાયુક્ત સીરપના જથ્થા સાથે આ બનાવનું પણ કનેક્શન હોવાની થોરાળા પોલીસના પીઆઇ જેઠવાએ શંકા વ્યક્ત કરી છે. આ બનાવમાં બે ગુના નોંધવાની પોલીસે તજવીજ હાથ ધરી છે.

સર્જિકલના વેપારી પાસેથી ૨૫ લાખથી વધુના ગ્લોવ્ઝ મંગાવી રૂપિયા ન આપતા પોલીસ ફરિયાદ

અલગ અલગ ૬ સાઈઝના ગ્લોવ્ઝનો ઓર્ડર આપ્યોઃ પૈસા માટે ફોન કરતા બંધ આવ્યો

રાજકોટ.તા.૭

શહેરના આર. કે. નગર મેઈન રોડ ઉપર ભગતસિંહ ટાઉનશીપમાં રહેતા અને શ્રીજી કોર્પોરેશન નામે સર્જિકલ પ્રોડક્ટનો વેપાર કરતા ભૌતીકભાઈ ગોપાલભાઈ કરકર નામના વેપારીએ નીરવ કાનજી ચભાડીયા અને વી.ટ્રાન્સ ઇન્ડિયા લીમીટેડની ભક્તિનગર ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના તે સમયના મેનેજર સામે માલવિયાનગર પોલીસમાં ૨૫,૫૩,૬૦૦ની ઠગાઈ અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ત્રણેક વર્ષ પહેલા ઇન્ડિયા માર્ટ વેબસાઈટ પરથી કાનજીભાઈએ નંબર શોધી ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝની જરૂર છે કહી વાતચીત કરી હતી. જે બાદ અલગ અલગ ૬ સાઈઝના

ગ્લોવ્ઝ જેની કિંમત રૂપિયા ૨૫,૫૩,૬૦૦ થતી હતી અને તેનો ઓર્ડર આપ્યો હતો. ફાઇનલ ઓર્ડર ૧૨ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ આપી ચેકનો ફોટો મને મોકલ્યો હતો અને કહ્યું હતું કે, હું અત્યારે જ ચેક જમા કરાવવા જાઉં છું, તમે માલ રવાના કરી દેજો. જેથી વી ટ્રાન્સ ઇન્ડિયા લીમીટેડની ઓફિસે જઈ માલ આગ્રા રવાના કરવા બુકિંગ કર્યું હતું. જેનું ભાડું ૨૧,૯૬૩ ચેકથી આપ્યું હતું અને સામેવાળી પાર્ટી જો ઓરીજીનલ કોપી દેખાડે તો જ માલ આપવો તેવી ચોખવટ કરી હતી. તેઓએ માલ પહોંચતા ૮ દિવસ લાગશે તેવું કહ્યું હતું.

જે બાદ ચેક જમા નહીં થતા ફોન કરતા કોરોનાને હિસાબે સર્વરમાં વાંધો હશે તેમ નિરવે કહ્યું હતું. ૨૦ તારીખે ટ્રાન્સપોર્ટ ઓફિસે જઈ માલ પરત મંગાવવાનું કહેતા માલ આગ્રાને બદલે મથુરા મોકલ્યો છે અને માલ છોડાવી લીધો છે, તેવું કહેતા નીરવને ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો. જેથી મેનેજરે કહેલું કે, હું તમારો માલ પરત મંગાવી દઈશ પણ આજદિન સુધી માલ પરત આવેલ નહીં અને પૈસા પણ નહીં મળતા અંતે વેપારીએ કરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

દૂધના પાઉડરનું પ્રમાણ વધુ, ફેટનું પ્રમાણ ઓછું નીકળતા મીસબ્રાન્ડેડ ફુડ જાહેર થતા

ભગવતી સેલ્સ એજન્સીના માલિકને રૂ.૧.૨૫ લાખનો દંડ ફટકારતી કોર્ટ

શુદ્ધ ઘીમાં તલના તેલની હાજરી દેખાતા જલારામ ઘી ડેપોના માલિકને રૂ. ૧ લાખનો દંડ કરાયો : ખાદ્યચીજોનું વેંચાણ કરતા ૧૭ ધંધાર્થીને તપાસતું તંત્રઃ ૧૬ જગ્યાએથી નમુના લેવાયા : ૩ ને લાયસન્સ માટે તાકીદ કરાઈ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય)
રાજકોટ, તા. ૭

શહેરમાં સહકાર સોસાયટી મેઈન રોડ પર વેચાતા રોજીંદા ફુડમાં દૂધના પાઉડરનું પ્રમાણ વધુ, ફેટનું પ્રમાણ ઓછું નીકળતા મીસ્બ્રાન્ડેડ ફૂડ જાહેર થતા ભગવતી સેલ્સ એજન્સીના માલિકને કોર્ટે રૂ.૧.૨૫ લાખનો દંડ ફટકાર્યો હતો. જયારે વિનાયક નગરમાં આવેલા જલારામ ઘી ડેપોમાંથી શુદ્ધ ગાયના ઘીમાં તલના તેલની હાજરી જોવા મળતા કોર્ટે આ પેઢીના માલિકને રૂ. ૧ લાખનો દંડ ફટકાર્યો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા 'ભગવતી સેલ્સ એજન્સી', સહકાર સોસા. મેઇન રોડ, શેરી નં. ૨ નો ખૂણો, રાજકોટ મુકામેથી FRESHLIT PREMIUM TABLE MARGARINE (FROM 1 KG PACKED)' નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં MOISTURE, FREE FATTY ACID (AS OLEIC ACID), SKIMMED MILK POWDER નું પ્રમાણ ધારા ધોરણ કરતાં વધુ તથા FAT નું પ્રમાણ ધારા ધોરણ કરતાં ઓછું મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર કરેલ તેમજ લેબલ પર DECLARATION REGARDING FREE FROM ARGEMONE OIL દર્શાવેલ ન હોવાથી નમૂનો ''મિસબ્રાન્ડેડ ફૂડ'' જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર રાજકોટ દ્વારા નમૂનો આપનાર પેઢીના માલિક રાજુજી ભાણજીભાઈ ચૌહાણ તથા ઉત્પાદક પેથી રામકૃપા ફૂડ પ્રોડકટના માલિક ભાવિન નરેન્દ્રભાઈ કણસાગરા એમ મળી બંને કુલ રૂ. ૧.૨૫ લાખનો દંડ કરાયો છે.

જ્યારે ફૂડ વિભાગ દ્વારા 'જલારામ ઘી ડેપો', વિનાયક નગર ઉદયનગર-૧, વિશ્વેશ્વર મંદિરની સામે, મવડી રોડ, રાજકોટ મુકામેથી 'ગાયનું શુધ્ધ ઘી (લૂઝ)' નો નમુનો પુથ્થકરણ રિપોર્ટમાં તલના તેલની હાજરી મળી આવતા નમૂનો ''સબસ્ટાન્ડર્ડ'' જાહેર થયેલ. જે અંગેના કેસમાં એજ્યુકેટીંગ ઓફિસર અને નિવાસી અધિક કલેક્ટર રાજકોટ દ્વારા ગુન્હાનું પુનરાવર્તન થયેલ હોય નમુનો આપનાર પેઢીના માલિક બીરેનભાઈ પિયુષભાઈ જોબનપુત્રાને રૂ.૧,૦૦,૦૦૦ નો દંડનો હુકમ કરાયો છે.

ફુડ શાખાની ખાદ્ય ચીજો વેંચતા ધંધારીઓ પર તવાઈ

ફુડ વિભાગની ટીમ દ્વારા શહેરના પુષ્કરધામ મેઈન રોડ વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેંચાણ કરતાં કુલ ૧૭ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૦૩ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાદ્ય ચીજોના કુલ ૧૬ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાઈ હતી. જેમાં શહેરના પુષ્કરધામ મેઈન રોડ વિસ્તારમાં આવેલ મહારાજા સીંગતેલ, રીયલ સોડા પોઈન્ટ તેમજ બાબતે ઓમ સોડા શોપ એમ ત્રણેયને લાઇસન્સ મેળવવા બાબતે સૂચના અપાઈ હતી.જ્યારે વૃંદાવન ડેરી ફાર્મ, હરભોલે ફરસાણ સ્વીટ માર્ટ, ડીલિસીયસ ફુડ, ભવાની જનરલ સ્ટોર્સ, અમૃત જનરલ સ્ટોર્સ, ચામુંડા ફરસાણ, બહુચરાજી સ્વીટ નમકીન બેકરી, ચોકો બાઇટ, ઘનશ્યામ લાઇવ કેક શોપ, આઇસ્ક્રીમ પાર્લર હેલ્થ કેર મેડીકલ, ખોડિયાર ડેરી ફાર્મ નમકીન, અનુજ પાર્લર, બાલાજી ફરસાણની ચકાસણી કરવામાં આવી હતી.

ટમેટા બાદ લીલા શાકભાજી, કઠોળની કિંમતો પણ આસમાને

રેસ્ટોરેન્ટમાં ટામેટા, આદુ અને લીલા મરચાના ઉપયોગમાં મોટેપાયે ઘટાડો

નવી દિલ્હી,તા. ૭ :

મોંઘવારી કાળમાં કઠોળ, લીલાં શાકભાજી સહિતના ભાવ આસમાને પહોંચી ગયા છે. રિટેઈલમાં લાલ ચોળા, તુવેરની દાળ, ચોખા, સહિતના ભાવો ભડકે બળી રહ્યા છે. જયારે લીલા શાકભાજીના ભાવો આસમાને પહોંચી ગયા છે.

બજારમાં ટામેટા, કોથમીર, લીલા મરચા,ફુલાવર,બટાકા, ડુંગળીના ભાવો વધી ગયા છે. જેના લીધે ખાવાની ડીશમાં ટેસ્ટ માટે વાપરવામાં આવતા ટામેટા, કોથમીર , આદુ અને લીલા મરચા નાંખવાનું બંધ કરી દેવામાં આવ્યુ છે. તો બીજી તરફ કેટલીક હોટલોમાં તો ટામેટા અને લીલા મરચા તીજોરીમાં મુકવાનો વારો આવ્યો છે. જયારે બજારમાં મળતી ચાના કપમાં આદુ નાંખવાનું કીટલીવાળાએ બંધ કરી દીધુ છે.

આદુવાળી ચા પીવી હોય તો સ્પેશિયલ ચા ગણીને તે રૂ.૩૦નો આખો કપ આપી રહ્યા છે. વેપારીઓના જણાવ્યા મુજબ લાલ ચોળા પહેલા સામાન્ય દિવસોમાં હોલસેલમાં રૂ.૬૦ કિલો મળતા હતા તે અત્યારે હોલસેલમાં રૂ.૧૦૦ અને રિટેઈલમાં રૂ.૧૮૦ કિલો મળી રહ્યા છે. બાજરી હોલસેલમાં રૂ.૨૬ અને રિટેઈલમાં કિલો રૂ.૪૦ મળી રહી છે. ફુલાવર રૂ.૧૦ કિલો મળતુ હતુ તે અત્યારે રૂ.૧૦૦ કિલો મળી રહ્યુ છે.

અમદાવાદથી ઉચ્ચ તબીબી અધિકારીની ભુજમાં બેઠક

કચ્છમાં કોંગો ફીવરથી એક મોત થતા ખળભળાટ

અંજારના ૫૧ વર્ષીય પ્રૌઢના અમદાવાદમાં મોત બાદ ૧૩ પરિવારજનોના સેમ્પલ ટેસ્ટ કરાયા

(એજન્સી સમાચાર)
ભુજ તા.૭ :

કોરોના, સ્વાઈન ફલૂ અને કોંગો એ ત્રણેય રોગો લોકોની ચિંતા અને ઉચાટ વધારી રહ્યા છે. હજી તે કાબૂમાં આવે અને લોકો રાહતનો શ્વાસ લે તે પહેલાં ફરી તેમની હાજરી વરતાવવી શરૂ થઈ જાય છે. ગત ૧૮ જૂને અંજારના લાખાપર ગામના ૫૧ વર્ષીય પ્રૌઢ ને શંકાસ્પદ કોંગો હોવાના લક્ષણો ચાંદરણી ગામના પીએચસી સેન્ટરની તપાસ દરમ્યાન બહાર આવ્યા હતા. તાવ, શરીરની ચામડી ખોટી પડવાના અને સંડાસ વાટે લોહી પડવાના લક્ષણો ધરાવતા આ દર્દીએ પ્રથમ અંજાર અને બાદમાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. તે દરમ્યાન ગત ૨૯ જૂને અમદાવાદમાં તેમનું મોત નિપજયું હતું.

દર્દીના મોત બાદ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તેમના પરિવારના ૧૩ સભ્યોના સેમ્પલ લઈ ટેસ્ટ કરાયા હતા જોકે, આ સેમ્પલ નેગેટિવ હોઈ તંત્રને થોડી રાહત થઈ હતી. પરંતુ કોંગો ના કેસ અને દર્દીના મોતને પગલે રાજયનું આરોગ્ય તંત્ર દોડતું થયું અને અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજના મેડીસીન વિભાગના હેડ ડો. કમલેશ

ઉપાધ્યાયને તાત્કાલિક કચ્છ મોકલાયા.

ગઈકાલે તેમણે ભુજમાં જિલ્લા કલેકટર અમિત અરોરા, જિલ્લા પશુપાલન અધિકારી ડો. હરેશ ઠક્કર, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.આર. ફૂલમાલી, જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. જીતેશ ખોરસિયા ઉપરાંત તાલુકા આરોગ્ય અધિકારીઓ સાથે બેઠક યોજી કોંગો ફીવર અંગે વિસ્તૃત ચર્ચા સાથે જાણકારી આપી હતી. હજી પણ સતત અન્ય તબીબો તેમ જ તાલુકાવાર બેઠકો યોજાઈ રહી છે. તો, પશુપાલન વિભાગ દ્વારા ઈતરડી દ્વારા ફેલાતા આ રોગને અટકાવવા લાખાપર અને તેની આજુબાજુના ગામ અને અન્ય ગૌશાળા પાંજરાપોળમાં ઈતરડીનાશક દવાના સ્પ્રે નો છંટકાવ કરાયો છે.

સોમવારથી ધો.૧૦-૧૨ના ૨.૫૯ લાખ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપશે

રાજકોટમાં ૧૧ હજાર વિદ્યાર્થીઓ આપશે કસોટીઃ તૈયારીઓને આખરી ઓપ

(સૌરાષ્ટ્ર કાંતી કાર્યાલય રાજકોટ)
રાજકોટ,તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા.૧૦ને સોમવારથી ધો.૧૦ અને ૧૨ની પૂરક પરીક્ષાનો પ્રારંભ થનાર છે આ પરીક્ષા શાંતી પૂર્ણ વાતાવરણમાં લેવાય તે માટે તૈયાર ઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. રાજકોટમાં ધો.૧૦ અને ૧૨ના ૧૧ હજાર સહિત રાજયમાં ૨.૫૯ લાખ વિદ્યાર્થીઓ આ પૂરક પરીક્ષામાં બેસનાર છે. આ પરીક્ષા માટે શિક્ષણ બોર્ડ દ્વાર સમગ્ર રાજ્યમાં ૭૬૫ બિલ્ડીંગો નક્કી કરાય છે અને તેમાં ૭૫૩૦ વર્ગખંડોમાં પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

પરીક્ષા પુર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરવામાં આવશે, જેથી પાસ થયેલા વિદ્યાર્થીઓ આગળના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ- ૨૦૨૩માં લેવામાં આવેલી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે જુલાઈમઝ પુરક પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સમાં એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવામાં આવશે. જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. પુરક પરીક્ષાને લગતી તૈયારીઓ થયા બાદ બોર્ડ દ્વારા પુરક પરીક્ષા અંગેનો કાર્યક્રમ જાહેર કર્યો હતો શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલા કાર્યક્રમ અનુસાર ધોરણ-૧૦ની પુરક પરીક્ષા ૧૦ જુલાઈથી શરૂ થશે અને ૧૪

જુલાઈના રોજ પુર્ણ થશે. જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષા ૧૦ જુલાઈથી શરૂ થશે અને ૧૨ જુલાઈના રોજ પુર્ણ થશે.

જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૩ જુલાઈના રોજ લેવામાં આવનાર છે. આમ, હવે પરીક્ષા નજીક આવી રહી હોવાથી શિક્ષણ બોર્ડદ્વારા પુરક પરીક્ષાની હોલ ટિકીટ પણ વેબસાઈટ પર અપલોડ કરી દીધી છે અને સ્કૂલોને ત્યાંથી હોલ ટિકીટ ડાઉનલોડ કરી વિદ્યાર્થીઓને આપવા માટે સુચના અપાઈ છે.કકદરમિયાન, આ વખતે શિક્ષણ બોર્ડની પુરકપરીક્ષામાંધોરણ-૧૦અને ૧૨નામળી કુલ ૨૫૯૩૮૫ વિદ્યાર્થીઓ પુરક ઉપસ્થિત રહેશે. આ વિદ્યાર્થીઓના પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૭૫ બિલ્ડીંગોનો ઉપયોગ કરવામાં આવનાર છે, જેમાં ૭૫૩૦ વર્ગખંડોમાં બોર્ડ દ્વારા પુરક પરીક્ષા લેવાશે. ધોરણ-૧૦ની પુક પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૧૮૪૮૩૧ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમની પરીક્ષા માટે ૪૭૬ બિલ્ડીંગોમાં ૪૭૪૩ વર્ગખંડનો ઉપયોગ કરવામાં આવશે.

આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૮૮૮૧ વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા માટે નોંધાયા છે. જેમની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૨૦૮ બિલ્ડીંગોમાં ૨૦૦૧ વર્ગખંડનો ઉપયોગ કરાશે. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં લેવાનારી પુરક પરીક્ષા માટે ૧૫૬૭૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે અને તેના માટે રાજ્યમાં ૮૧ બિલ્ડીંગમાં ૭૮૬ વર્ગખંડનો ઉપયોગ કરવામાં આવશે.

૨૦૦૯-૧૦થી પાણીના દરમાં ૧૦ ટકા વધારાની નિતીમાં ફેરફાર

ગુજરાતના ઉદ્યોગોને પાણી દરમાં રાહતઃ હવે દર વર્ષે ૧૦ ટકાને બદલે માત્ર ૩ ટકા વધશે

હાલ પ્રતિ ૧૦૦૦ લિટરે રૂ.૩૧.૩૮ના દરે ઉદ્યોગોને પાણી આપવામાં આવે છે

(એજન્સી સમાચાર)
ગાંધીનગરઃતા.૭

ગુજરાતના ઔદ્યોગિક એકમો દ્વારા સરકારી નેટવર્કથી ઉપયોગમાં લેવાતા પાણીના વપરાશ દરમાં ચાલુ નાણાકીય વર્ષથી સરેરાશ ૩ ટકાનો વધારો કરવાનો નિર્ણય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સરકારે કર્યો છે. આ અંગે વિધિવત રીતે ટૂંક સમયમાં સરકારી પરિપત્ર જાહેર કરાશે. લાંબા સમયથી ઉદ્યોગોએ દર વર્ષે ૧૦ ટકા લેખે થતાં પાણીના દરના વધારા સામે રજૂઆતો કરી હતી. કોરોનાકાળ વખતે પાણીના દરમાં વધારાને રોકવાનો અગાઉની સરકારે નિર્ણય કર્યો હતો.સૂત્રોના કહેવા પ્રમાણે, વર્ષ ૨૦૨૩- ૨૪થી હવે પાણીના દર પ્રતિ વર્ષ ૩ ટકા લેખે ઉદ્યોગો માટે વધારાશે એવા મતલબનો નિર્ણય સરકાર કક્ષાએ લેવાયો છે. હાલ પ્રતિ ૧૦૦૦ લિટરે રૂમ.૩૧.૩૮ના દરે ઉદ્યોગોને પાણી આપવામાં આવે છે.

૨૦૦૯થી શરૂ થયેલી પાણી નીતિમાં છેલ્લે ૨૦૧૮માં ઔદ્યોગિક વપરાશ માટેના પાણીના દરો પુનઃ વિચાર કરીને નિયત કરાયા હતા. એ વખતે ૨૦૧૮-૧૯માં સરદાર સરોવર નર્મદા નિગમ તથા જળસંપત્તિ વિભાગ દ્વારા આકારાતા વોટર રેટ વત્તા રૂ.૧૦ પ્રતિ હજાર, ૨૦૧૯- ૨૦માં રોવોટર વત્તા રૂ.૧૪ પ્રતિ હજાર તેમજ ૨૦૨૦- ૨૧માં રોવોટર વત્તા રૂમ.૧૫.૪૦ લેખે વસૂલવાની નીતિ લાગુ કરવામાં આવી હતી.

એ વખતે ઠરાવાયું હતું કે, દર વર્ષે ૧૦ ટકા લેખેનો વધારો જ્યાં સુધી ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ કે ગુજરાત પાણી પુરવઠા બોર્ડનો વિતરણ ખર્ચ પૂરેપૂરો વસૂલ થઇ જાય ત્યાં સુધી કરવાનો રહેશે. પછી દર ત્રણ વર્ષે સરકાર દ્વારા સમીક્ષા કરાશે. ૧ જુલાઇ, ૨૦૧૮થી સુધારેલા દર લાગુ થયા હતા.

તાજેતરમાં સરદાર સરોવર નિગમ અને જળસંપત્તિ વિભાગે સંયુક્ત રીતે ઔદ્યોગિક વપરાશના પાણીના દરમાં ફેરફાર કરવાની દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરી હતી. આ દરખાસ્તમાં વિસ્તૃત ચર્ચાના અંતે ઔદ્યોગિક સમુહો દ્વારા કરાયેલી રજૂઆતોને પણ ધ્યાને લઇ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના વડપણ હેઠળની બેઠકમાં કેટલાક સુધારાને મંજૂરી આપવામાં આવી છે એ મુજબ આ નાણાકીય વર્ષમાં વર્તમાન ઔદ્યોગિક વપરાશના દરમાં ૩ ટકાનો વધારો કરાશે જ્યારે હવે પછીના દર વર્ષે ૩-૩ ટકા પાણીના દરમાં વધારો થશે.

માત્ર ખેતરો જ નહિં, ડ્રોનથી હવે ડુંગરો પણ હરીયાળા બનશેઃ ગુજરાતની પહેલ

(એજન્સી સમાચાર) ગાંધીનગરઃ ટેકનોલોજીનાં યુગમાં ખેતીથી માંડીને વૈજ્ઞાનિક સંશોધનમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી જ રહ્યો છે. કૃષિમાં ખેતરોમાં દવા છંટકાવ જેવી કામગીરી માટે ડ્રોન ઉપયોગમાં લેવાય જ છે ત્યારે હવે ગુજરાત સરકારે નવી પહેલ કરી છે.રાજ્યના પર્વતો-ડુંગરોને હરીયાળા બનાવવા માટે ડ્રોનનો ઉપયોગ શરૂ કરાયો છે. જે અંતર્ગત વરસાદી ઋતુમાં વધુ વૃક્ષો, વાવી શકાય તે માટે પાવાગઢનાં પર્વત પર એરીયલ સીડીંગ શરૂ કરાયું છે.દુર્ગમ વિસ્તારોમાં આ પ્રકારે વિવિધ પ્રકારનાં બીજોનો છંટકાવ હાથ ધરવામાં આવ્યો છે. ત્રણ દિવસમાં અંદાજીત ૪૦ હેકટર વિસ્તારમાં ૫૦૦ કિલો બીજનો છંટકાવ કરવામાં આવશે. વાંસ, સીતાફળ, કણજ, ખાટી આમલી, બોરસ આમલી, ખેર સહીત ૭ પ્રકારનાં વૃક્ષોના બીજનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.